dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year -10 । Issue- 43 । AD - 2026, Kartak Sud-07 । Monday, Dt. 16-11-2026 । Editor : Vasant Movliya : Phone : (02792) 225225 । E-mail : sanjognews@gmail.com । Page-08 Price : Rs.3-00

પીએમ મોદીએ દેશભરના આદિવાસી સમુદાયો માટે ૩.૩,૦૦૦ કરોડના ખર્ચે તૈયાર થયેલા અને થનારા ૨૪૬ વિકાસ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું

અગાઉની સરકારો આદિવાસીઓને સમજતી નહોતી : વડાપ્રધાન નરેન્દ્ર મોદી

નવી દિલ્હી, તા. ૧૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે મહારાષ્ટ્રના ગઢચિરોલી ખાતે આયોજિત 'જનજાતીય ગૌરવ દિવસ' કાર્યક્રમમાં વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા સહભાગી થઈને અગાઉની સરકારો પર આકરા પ્રહારો કર્યા હતા. આદિવાસી સ્વાતંત્ર્ય સેનાની ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે આયોજિત આ સમારોહમાં પીએમ મોદીએ દેશભરના આદિવાસી સમુદાયો માટે આશરે રૂ.૩,૦૦૦ કરોડના ખર્ચે તૈયાર થયેલા અને થનારા ૨૪૬ વિકાસ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું. આ પ્રોજેક્ટ્સનો મુખ્ય ઉદ્દેશ્ય આદિવાસી વિસ્તારોમાં શિક્ષણ, આરોગ્ય સેવાઓ, રોજગારીની તકો અને સામુદાયિક માળખાગત સુવિધાઓને મજબૂત બનાવવાનો છે.કાર્યક્રમ દરમિયાન વડાપ્રધાને કુલ ૧૭૩ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કર્યું હતું, જેમાં આદિવાસી વિદ્યાર્થીઓના ઉચ્ચ અને ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે ૩૮ એકલવ્ય મોડેલ રહેણાંક શાળાઓ (EMRS) અને 'પ્રધાનમંત્રી જનજાતિ આદિવાસી ન્યાય મહા અભિયાન' (PM-JANMAN) હેઠળ બાંધવામાં આવેલા ૧૦૦ બહુહેતુક કેન્દ્રોનો સમાવેશ થાય છે. આ કેન્દ્રો દ્વારા છેવાડાના લોકો સુધી સરકારી સેવાઓ સરળતાથી પહોંચાડી શકાશે. આ ઉપરાંત, આદિવાસી સંસ્કૃતિ અને વારસાના જતન માટે અરુણાચલ પ્રદેશના ઈટાનગરમાં આદિવાસી સંશોધન સંસ્થાની નવી ઈમારત અને મિઝોરમના ઐઝોલમાં 'રોપુઈલિયાની આદિવાસી સ્વતંત્રતા સેનાની સંગ્રહાલય'નું પણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ સાથે જ,



પીએમ મોદીએ ૧૯ નવી એકલવ્ય શાળાઓ, આદિવાસી ઉત્પાદકોને બજાર પૂરું પાડવા ૧૨ બહુહેતુક માર્કેટિંગ કેન્દ્રો તથા પીએમ-જનમન અને 'ધરતી આબા જનજાતીય ગ્રામ ઉત્કર્ષ અભિયાન'હેઠળ અન્ય ૪૨ પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કર્યો હતો. આ પ્રસંગે દેશભરના આદિવાસી લાભાર્થીઓ સાથે સંવાદ કરતી વખતે વડાપ્રધાને ગુજરાતના ભરૂચ જિલ્લાના નેત્રંગ તાલુકાના હાથકુંડી ગામના રહેવાસી વઝીરભાઈ સાથે વાતચીત કરી હતી. વઝીરભાઈએ જણાવ્યું કે વર્ષ ૨૦૦૪માં ગુજરાત સરકારની 'ન્યૂ ગુજરાત પેટર્ન યોજના' હેઠળ તેમણે વાંસમાંથી કલાત્મક વસ્તુઓ બનાવવાની તાલીમ લીધી હતી, જેનાથી તેમની આજીવિકામાં મોટો બદલાવ આવ્યો છે. આ સંદર્ભે અગાઉની સરકારોની નીતિઓની ટીકા કરતાં પીએમ મોદીએ જણાવ્યું કે, 'અંગ્રેજોએ ચાલાકીપૂર્વક વાંસને વૃક્ષની શ્રેણીમાં મૂક્યો હતો, જેથી વાંસ કાપનાર આદિવાસીઓને જેલમાં જવું પડતું હતું. આઝાદી પછી આ કાયદો રદ થવો જોઈતો હતો, પરંતુ કમનસીબે અગાઉની સરકારો આદિવાસી સમાજની લાગણીઓને સમજી શકી નહોતી કે તેમની પરવા કરી નહોતી. અમારી સરકારે સત્તામાં આવીને આ કાયદો નાબૂદ કર્યો અને આદિવાસીઓને વાંસ પર સંપૂર્ણ અધિકાર આપ્યો.'સંવાદ દરમિયાન મહારાષ્ટ્રના યવતમાળના પીએમ-જનમન યોજનાના લાભાર્થી કૃષ્ણ નાગોરાવ ટેકામે પોતાનો અનુભવ શેર કરતાં કહ્યું કે પહેલાં ચોમાસામાં કાચા ઘરોમાં રહેવું ખૂબ મુશ્કેલ હતું, પરંતુ હવે આ મિશન હેઠળ પાકું ઘર, શૌચાલય અને અન્ય પાયાની સુવિધાઓ મળવાથી જીવન સુરક્ષિત બન્યું છે. વડાપ્રધાને આ પરિવર્તન બદલ સંતોષ વ્યક્ત કર્યો હતો. તેવી જ રીતે, હૈદરાબાદના સબવત અન્વેશે 'પીએમ શ્રી' (PM SHRI) શાળા યોજના થકી ગુણવત્તાયુક્ત શિક્ષણ મળવા બદલ સરકારનો આભાર માન્યો હતો. આ કાર્યક્રમ સાથે દેશભરમાં ૧ થી ૧૫ નવેમ્બર સુધી ચાલેલા 'જનજાતીય ગૌરવ પખવાડિયા'નું પણ સમાપન થયું હતું.

દેશના અનેક રાજ્યોમાં ઠંડીનો ચમકારો, કાશ્મીર અને ઉત્તરાખંડમાં હિમવર્ષા

નવી દિલ્હી,તા.૧૫

દેશના હવામાનમાં અચાનક પલટો આવતાં અનેક રાજ્યોમાં ઠંડીનો ચમકારો વધ્યો છે. કાશ્મીર અને ઉત્તરાખંડમાં થયેલી હિમવર્ષાને કારણે મેદાની વિસ્તારોમાં ઠંડી વધી છે, જ્યારે હિમાચલ પ્રદેશ અને લદ્દાખમાં પણ આગામી બે દિવસ હિમવર્ષાની શક્યતા છે.



દિલ્હી અને રાજસ્થાનમાં હળવા વરસાદથી ઠંડક પ્રસરી છે. દિલ્હી સહિત આસપાસના ૧૦ જિલ્લાઓમાં વાદળછાયા વાતાવરણ અને વરસાદની આગાહીને પગલે યલો એલર્ટ અપાયું છે. બીજી તરફ, ઉત્તર પ્રદેશના ૧૫ શહેરોમાં ગાઢ ધુમ્મસને લીધે દૃશ્યતા ઘટતાં વાહનચાલકો પરેશાન થયા હતા. મધ્ય પ્રદેશના ૧૯ જિલ્લાઓમાં તાપમાન ૧૫ ડિગ્રીથી નીચે ગયું છે, જેમાં અમરકંટકમાં સૌથી ઓછું ૧૦.૭ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. દરમિયાન, બંગાળની ખાડીમાં સર્જાયેલું લો-પ્રેશર ૧૬ નવેમ્બરની સાંજ સુધીમાં ચક્રવાતી વાવાઝોડામાં ફેરવાઈ શકે છે. ઈરાન દ્વારા સૂચવાયેલા આ સંભવિત વાવાઝોડાનું નામ 'અકવાન' રાખવામાં આવશે.

છઠ પૂજાના ફાળા બાબતે પશ્ચિમ બંગાળના દુર્ગાપુરમાં બે જૂથો વચ્ચે હિંસક અથડામણ

કોલકાતા, તા. ૧૫

પશ્ચિમ બંગાળના દુર્ગાપુરમાં છઠ પૂજાના ફાળાની રકમ બાબતે બે જૂથો વચ્ચે ઉગ્ર અથડામણ અને તોડફોડની ઘટના બની છે. લિંક પાર્ક વિસ્તારમાં પૂજા ઘાટની તૈયારીઓ માટે સ્થાનિક સમિતિ દ્વારા પ્રતિ 'ડાલા' (સૂપ) રૂ.૫૦૦ નો ફાળો ઉઘરાવવામાં આવી રહ્યો હતો.



તસવીર : પ્રતિકાત્મક

આ દરમિયાન સ્થાનિક રહેવાસી મનીષ મોદીએ રૂ.૫૦૦ ને બદલે રૂ.૩૦૦ આપવાની તૈયારી દર્શાવતા સમિતિના સભ્યો દિનેશ બરનવાલ, મુકેશ સિંહ અને સૂરજ બરનવાલ સાથે બોલાચાલી થઈ હતી. સામાન્ય દલીલે જોતજોતામાં હિંસક સ્વરૂપ ધારણ કરી લેતા વિસ્તારમાં તણાવ ફેલાયો હતો.

ઘટનાની જાણ થતાં દુર્ગાપુર પોલીસે સ્થળ પર પહોંચી સ્થિતિ કાબૂમાં લીધી હતી અને એક આરોપીની ધરપકડ કરી છે.

પોલીસ હાલ સીસીટીવી ફૂટેજના આધારે તોડફોડ કરનારા અન્ય ફરાર આરોપીઓની શોધખોળ ચલાવી રહી છે.

અખિલેશ યાદવની અયોધ્યા મુલાકાત પહેલાં

લખનૌમાં લાગ્યા પોસ્ટર :'અયોધ્યા નિઃશસ્ત્ર કારસેવકોના હત્યાકાંડને ભૂલ્યું નથી'

લખનૌ, તા. ૧૫

સમાજવાદી પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અને ઉત્તર પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અખિલેશ યાદવની આગામી ૧૨ ડિસેમ્બરના રોજ અયોધ્યા ખાતે શ્રી રામ લલ્લાના દર્શન માટેની પ્રસ્તાવિત મુલાકાત પહેલા રાજ્યના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. રવિવારે સવારે લખનૌ સ્થિત ભાજપ કાર્યાલયની બહાર બસ્તી જિલ્લાના રામનગર વિકાસ બ્લોકના ભાજપ નેતા અભિષેક ત્રિપાઠી દ્વારા લગાવવામાં આવેલા એક પોસ્ટરથી રાજકીય વર્તુળોમાં



ચર્ચા જાગી છે.

ભાજપ નેતા દ્વારા લગાવવામાં આવેલા આ હોર્ડિંગમાં અખિલેશ યાદવ અને એક સંતની તસવીર સાથે એવો સંદેશ લખવામાં આવ્યો છે કે અયોધ્યા નિઃશસ્ત્ર કારસેવકોના હત્યાકાંડને ભૂલી શકાયું નથી. આ ઉપરાંત, પોસ્ટરમાં સમાજવાદી પાર્ટીના 'પીડીએ' (PDA) સૂત્ર પર કટાક્ષ કરતાં તેનો અર્થ 'પ- પહેલા પ્રાયશ્ચિત, દ- પછી દર્શન, અને એ- પછી આશીર્વાદ' એવો દર્શાવવામાં આવ્યો છે.

બીજી તરફ, અયોધ્યાના પૂર્વ ધારાસભ્ય અને સપા નેતા પવન પાંડેના જણાવ્યા અનુસાર, અખિલેશ યાદવ ૧૨ ડિસેમ્બરે પરિવાર સાથે અયોધ્યા જશે, જ્યાં તેઓ રામ જન્મભૂમિ મંદિરમાં દર્શન કરતા પહેલા હનુમાનગઢી ખાતે શીશ ઝુકાવશે અને સંતો-મહંતોના આશીર્વાદ લેશે. આ મુલાકાતની જાહેરાત બાદ ભાજપના નેતાઓ સતત સવાલો ઉઠાવી રહ્યા છે, જ્યારે લખનૌ માં લાગેલા આ નવા પોસ્ટર અંગે સમાજવાદી પાર્ટી તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આપવામાં આવી નથી.

છત્તીસગઢ દારૂ કૌભાંડ મામલે ઈડીની મોટી કાર્યવાહી, ભૂપેશ બઘેલના પુત્રની રૂ.૬૧ કરોડની મિલકત જપ્ત

રાંચી, તા. ૧૫

છત્તીસગઢના બહુચર્ચિત દારૂ કૌભાંડ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) એ મોટી કાર્યવાહી કરી છે. તપાસ એજન્સીએ ભૂતપૂર્વ મુખ્યમંત્રી ભૂપેશ બઘેલના પુત્ર ચૈતન્ય બઘેલની કુમ્હારી-જંજગીરી સ્થિત 'વિઠ્ઠલ ગ્રીન કોલોની'ના ૩૫૫ પ્લોટ જપ્ત કર્યા છે, જેની અંદાજિત કિંમત રૂ.૬૧ કરોડ છે.

કોલોનીના કુલ ૩૮૫ પ્લોટમાંથી વેચાઈ ચૂકેલા ૩૦ પ્લોટને બાકાત રાખીને એક વાણિજ્યિક પ્લોટ






સહિત બાકીની મિલકતો જપ્ત કરી મુખ્ય દરવાજા પર નોટિસ ચોંટાડવામાં આવી છે. ઈડીનો આરોપ છે કે અંદાજે રૂ.૩,૦૦૦ કરોડના દારૂ કૌભાંડની ગેરકાયદેસર રકમનો ઉપયોગ આ રિયલ એસ્ટેટ પ્રોજેક્ટમાં કરાયો હતો અને ચૈતન્ય બઘેલ આ સિન્ડિકેટના નાણાકીય વ્યવહારો સંભાળતો હતો. પીએમએલએ એડજ્યુડિકેટિંગ ઓથોરિટીની મંજૂરી બાદ આ કડક પગલું લેવાયું છે.







આંબરડી સફારી પાર્કમાં વાહન દોડાવી સિંહને પરેશાન કરાતો વીડિયો વાયરલ

અમરેલી,તા.૧૫

ધારી નજીક ગીર પૂર્વ વન વિભાગ હેઠળ આવેલા આંબરડી સફારી પાર્કમાં બાઈક અને બોલેરો વાહન પાછળ દોડાવી સિંહને પરેશાન કરાતો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં ચકચાર મચી છે. દિવાળીની રજાઓ દરમિયાન બનેલી આ ઘટનામાં વન વિભાગના કર્મચારીઓ દ્વારા જ સિંહની પાછળ બાઈક દોડાવવામાં આવી હોવાનો આક્ષેપ થતાં સિંહપ્રેમીઓમાં ભારે નારાજગી જોવા મળી રહી છે.વાયરલ થયેલા વીડિયોમાં બે-ત્રણ બાઈકચાલકો અને એક બોલેરો વાહન સિંહની પાછળ દોડતાં નજરે પડે છે. આંબરડી સફારી પાર્કમાં ખાનગી વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ હોવા છતાં સિંહની પાછળ વાહનો દોડાવવામાં આવતાં વન વિભાગની કામગીરી સામે સવાલો ઊભા થયા છે. આવી બેદરકારીથી સિંહો તણાવમાં આવી શકે



છે અને માનવ-વન્યપ્રાણી સંઘર્ષની ઘટનાઓ વધવાની ભીતિ પણ વ્યક્ત થઈ રહી છે.જોકે, આ સમગ્ર મામલે ગીર પૂર્વ વન વિભાગ, ધારીના ઈન્ચાર્જ મદદનીશ વન સંરક્ષક અમિત દેથવાણિયાએ સિંહની પજવણી થઈ હોવાનો ઈનકાર કર્યો છે. તેમણે જણાવ્યું હતું કે, દિવાળીની રજાઓ દરમિયાન આંબરડી સફારી પાર્કમાં પ્રવાસીઓની ભારે ભીડ રહે છે. સાંજે સફારીનો સમય પૂર્ણ થયા બાદ સિંહો તેમના નિર્ધારિત કાલ વિસ્તારમાં જતા હોય છે.

જોકે, એક સિંહ અન્ય દિશામાં જતો હોવાથી વન વિભાગના કર્મચારીઓએ તેને રોકીને કાલ વિસ્તાર તરફ વાળવાની કામગીરી કરી હતી. આ દરમિયાન કોઈ પજવણી કરવામાં આવી નથી.તેમણે વધુમાં જણાવ્યું હતું કે, વાયરલ વીડિયો અંગે વધુ તપાસ માટે સંબંધિત કર્મચારીઓને કારણદર્શક નોટિસ આપવામાં આવી છે અને તેમની પાસેથી ખુલાસો માંગવામાં આવ્યો છે.

વન વિભાગે પજવણીનો ઇનકાર કરી કર્મચારીઓને કારણદર્શક નોટિસ ફટકારી

સાવરકુંડલા તાલુકાના ઠવી ગામે સગપણ કરવાની ના પાડતાં ગાળો આપી માર માર્યો

સાવરકુંડલા,તા.૧૫

સાવરકુંડલાના ઠવી ગામે સગપણ કરવાની ના પાડતાં ગાળો આપી માર મારવાની ઘટના બની હતી.

આ અંગે ભાવનગરના જેસર તાલુકાના કરલા ગામે રહેતા ઠાકરભાઈ નાથાભાઈ ચૌહાણ (ઉં.વ. ૩૦)એ સાવરકુંડલાના ઠવી ગામે રહેતા ભોપાભાઈ ગોવિંદભાઈ પરમાર, પ્રતાપભાઈ ગોવિંદભાઈ પરમાર તથા હંસાબેન ભોપાભાઈ પરમાર સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેઓ ભોપાભાઈ પરમારના દીકરા પ્રવીણની ખબર કાઢવા ઠવી ગામે ગયા હતા. તે દરમિયાન આરોપીએ 'તારી દીકરી પારસ મારા દીકરા કાળુ સાથે દેવી છે' તેમ વાત કરતાં, તેમણે સગપણ કરવાની ના પાડી હતી. જેથી આરોપીઓએ એકસંપ થઈ તેમને જેમ ફાવે તેમ ગાળો આપી, શરીરે મૂઢ માર માર્યો હતો; તેમજ લોખંડના પાઈપનો એક ઘા તેમના માથાના ભાગે મારી છ ટાંકા આવે તેવી ઈજા પહોંચાડી હતી. વંડા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે. બી. કામળિયા વધુ તપાસ કરી રહ્યા છે.

મોટી કુંકાવાવમાં પૈસાની લેતી-દેતી મામલે સામસામી ફરિયાદ

વડિયા,તા.૧૫

વડિયાના મોટી કુંકાવાવમાં પૈસાની લેતી-દેતીનો વહીવટ કરવાની ના પાડતાં જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. આ મામલે સાત મહિલા સહિત ૧૨ લોકો સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે.આ અંગે કરણભાઈ હરિભાઈ ધાધલ (ઉં.વ.૨૬)એ ભરતભાઈ જીવરાજભાઈ ધાધલ, નવીનભાઈ જીવરાજભાઈ ધાધલ, કિશોરભાઈ જીવરાજભાઈ ધાધલ, વિનીતભાઈ ભરતભાઈ ધાધલ, નિર્મળભાઈ નવીનભાઈ ધાધલ, હેતલબેન ભરતભાઈ ધાધલ, હિનાબેન કિશોરભાઈ ધાધલ, કીર્તિબેન કિશોરભાઈ ધાધલ, તૃપ્તિબેન કિશોરભાઈ ધાધલ, જ્યોતિબેન કિશોરભાઈ ધાધલ, અનિતાબેન કિશોરભાઈ ધાધલ તથા પ્રભાબેન નવીનભાઈ ધાધલ સામે ફરિયાદ નોંધાવી છે. સામાપક્ષે મોટી કુંકાવાવમાં રહેતા ભરતભાઈ ઉર્ફે કાંબલી જીવરાજભાઈ ધાધલ (ઉં.વ.૫૦)એ તેમના જ ગામના કરણભાઈ હરીભાઈ ધાધલ, જયેશભાઈ છગનભાઈ ચૌહાણ, ખુશાલભાઈ હરીભાઈ ધાધલ તથા નીલેશભાઈ હરીભાઈ ધાધલ સહિત ૧૬ શખ્સો સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેમણે આકાશ પરમારને ફોન કરીને આરોપીઓ સાથે પૈસાની લેતીદેતીનો વહીવટ કરવાની ના પાડી હતી. જેનું મનદુઃખ રાખીને, જ્યારે તેઓ પોતાના ઘર પાસે કારમાં બેઠા હતા તે વખતે આરોપીઓએ ગેરકાયદેસર મંડળી રચી, એકસંપ થઈને લોખંડ-પ્લાસ્ટિકના પાઈપ તથા પથ્થર વડે ગાડી પર ઘા કરી ગાડીના કાચ તોડી નાખ્યા હતા. તેઓ ગાડીમાંથી બહાર નીકળીને પોતાના ઘરમાં જતા રહ્યા, ત્યારે આરોપીઓએ તેમના ઘરના દરવાજા પર પાઈપના ઘા માર્યા હતા. તેમજ ઘરમાં પથ્થરના ઘા મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સાહેદ હેતલબેનને પથ્થરનો ઘા છાતીમાં વાગી જતાં મૂઢ ઈજા થઈ હતી.

ચલાલામાં આજે જલારામ જયંતિની ઉજવણી કરાશે

ચલાલા,તા.૧૫

સેવાભાવ અને માનવતાના પ્રતીક જલારામ બાપાની જયંતિ નિમિત્તે ચલાલામાં સમસ્ત રઘુવંશી સમાજ દ્વારા ભવ્ય ઉજવણીનું આયોજન કરાયું છે. સવારે ૭ કલાકે ગાદી પૂજન, ૮:૩૦ કલાકે વાલકુ બાપુના આશીર્વચન બાદ ભવ્ય શોભાયાત્રા નીકળશે. શોભાયાત્રા શહેરના મુખ્ય માર્ગો પર ફરી મુળીમાંની જગ્યાએ પૂર્ણ થશે. બપોરે અને રાત્રે જ્ઞાતિ ભોજન, મહિલા સત્સંગ, મહાઆરતી, કેક કટિંગ, ભજન અને સંતવાણીના કાર્યક્રમો યોજાશે. બહારગામ વસતા સમાજનાં બહેનો અને દીકરીઓને પણ આમંત્રણ અપાયું છે.જયંતિના દિવસે સમાજના તમામ વેપાર-ધંધા સવારથી સાંજ સુધી બંધ રાખવામાં આવશે.

'કેમ તારો ભાઈ ફોન ઉપાડતો નથી' કહી ગાળો આપી, છરી બતાવી જાનથી મારવાની ધમકી આપી

શર્ટના ઉપરના ખિસ્સામાંથી ૩.૨,૬૦૦ રોકડા કાઢી લીધા

અમરેલી,તા.૧૫

અમરેલીમાં 'કેમ તારો ભાઈ ફોન ઉપાડતો નથી' તેમ કહી ગાળો આપી, છરી બતાવી જાનથી મારવાની ધમકી આપવામાં આવી હતી. આ બનાવ અંગે ખુશાલીબેન હરેશભાઈ ટાંક (ઉં.વ.૨૨) એ યુવરાજ ઉર્ફે શિવકુ બાબુભાઈ મકવાણા સામે ફરિયાદ નોંધાવી હતી.પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, આરોપીએ તેમના રહેણાક મકાનમાં ગુનાહિત અપપ્રવેશ કર્યો હતો. ત્યારબાદ 'કેમ તારો ભાઈ ફોન ઉપાડતો નથી અને તારું ઈન્સ્ટા આઈડી આપતો નથી?' તેમ કહી ફરિયાદી તેમજ તેમના માતા-પિતાને ગાળો આપી હતી. આરોપીએ પોતાના પડખામાંથી છરી કાઢી, તેમને તથા તેમના માતા-પિતાને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ દરમિયાન તેમનો ભાઈ આવી જતાં આરોપીએ તેને ઢીકાપાટુનો માર મારી, છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી અને તેમના પિતાના શર્ટના ઉપરના ખિસ્સામાંથી રૂ. ૨,૬૦૦ રોકડા કાઢી લૂંટ ચલાવી હતી. આરોપીએ ફરિયાદીનું ટી-શર્ટ પકડતાં તેમના માતા-પિતા અને ભાઈ વચ્ચે પડ્યા હતા, જેથી આરોપીએ તેમના પિતાનું માથું દીવાલ સાથે ભટકાવ્યું હતું અને ફરિયાદીની આબરૂ લેવાના ઈરાદે ટી-શર્ટ ખેંચી, બથ ભરી છાતીએ હાથ મૂકી જાતીય સતામણી કરી હતી. તેમજ આરોપીએ બે કલાક સુધી તેમને અને તેમના પરિવારના સભ્યોને ઘરમાં ગેરકાયદેસર અટકાયતમાં બેસાડી રાખી ક્યાંય જવા દીધા નહોતા.બાદમાં બીજી વાર આરોપી તેમના રહેણાક મકાનની વંડી ટપી ગેરકાયદે પ્રવેશ કરી ખુલ્લી છરી લઈને આવ્યો હતો અને દરવાજો ખોલવાનું કહી તેમને તેમજ સાહેદોને ગાળો આપી હતી. આ ઉપરાંત, તેમના ભાઈની મોટરસાયકલ પછાડી દઈ, મકાનના રસોડાની તેમજ અન્ય બારીઓના કાચ હાથથી અને છરી વડે તોડી નાખી આશરે પાંચથી દસ હજાર રૂપિયાનું નુકસાન કરી નાસી ગયો હતો. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના પી.આઈ. આર. આર. પરમાર આ મામલે વધુ તપાસ કરી રહ્યા છે.







Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)



વ્હીલ એલાઇમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૬૬, E-mail: carcarerushi@rediffmail.com



|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ૧ || || શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||
અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...



યમુના જવેલર્સ
(અમરાપુર વાળા)
અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જવેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.
- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મૉર્ડન જવેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ
અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.
સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.
શ્રી હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૯૧૪૧૨ ૦૭૭૩૬

ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે

અમરેલીમાં 'જનજાતીય ગૌરવ દિવસ'ની ભવ્ય ઉજવણી

અમરેલી,તા.૧૫

અમરેલી જિલ્લા વહીવટી તંત્ર અને રાજ્ય સરકારના સંયુક્ત ઉપક્રમે ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે જિલ્લા કક્ષાનો 'જનજાતીય ગૌરવ દિવસ' ભવ્ય રીતે ઉજવાયો હતો. ડૉ. ભરતભાઈ બોઘરાના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના અધ્યક્ષસ્થાને યોજાયેલા રાષ્ટ્રીય કક્ષાના કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળવામાં આવ્યું હતું. કાર્યક્રમને સંબોધતાં ડૉ. બોઘરાએ જણાવ્યું હતું કે, ભગવાન બિરસા મુંડાએ અંગ્રેજ શાસન સામે જળ, જમીન અને જંગલના અધિકારોની રક્ષા માટે ઐતિહાસિક લડત આપી હતી. તેમનું જીવન અને બલિદાન આદિવાસી સમાજ સહિત દેશના શોષિત અને છેવાડાના વર્ગો માટે પ્રેરણારૂપ છે. જે સમાજ પોતાના ભવ્ય ઈતિહાસ અને મહાપુરુષોના બલિદાનને ભૂલી જાય છે તેનું ભવિષ્ય ઉજ્જવળ બની શકતું નથી. ભગવાન બિરસા મુંડાને રાષ્ટ્રીય ઓળખ અપાવી જનજાતીય ગૌરવને નવી ઊંચાઈએ પહોંચાડવાનું કાર્ય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કર્યું હોવાનું તેમણે જણાવ્યું હતું. વર્ષ ૨૦૦૨ પછી આદિવાસી સમાજને વિકાસની મુખ્યધારામાં જોડવા માટે થયેલી કામગીરીનો ઉલ્લેખ કરતાં તેમણે જણાવ્યું હતું કે, આદિવાસી વિસ્તારોમાં વિજ્ઞાન પ્રવાહની શાળાઓ શરૂ કરવામાં આવી છે. ફી શિપ કાર્ડ યોજના હેઠળ ખાનગી



મેડિકલ કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની લાખો રૂપિયાની ફી સરકાર ચૂકવે છે. વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે રૂ. ૧૫ લાખ સુધીની લોન અને પાયલોટ બનવા વિશેષ શિષ્યવૃત્તિની જોગવાઈ કરવામાં આવી છે.આ ઉપરાંત આયુષ્માન ભારત યોજના હેઠળ રૂ. ૧૦ લાખ સુધીની મફત સારવાર, નલ સે જલ યોજના દ્વારા શુધ્ધ પીવાનું પાણી, પાકા રસ્તા અને વનબંધુ કલ્યાણ યોજના હેઠળ વિશેષ બજેટની ફાળવણી સહિતની યોજનાઓનો લાભ આદિવાસી પરિવારોને મળી રહ્યો છે. આદિવાસી સમાજનાં દ્રૌપદી મુર્મુને દેશનાં રાષ્ટ્રપતિ બનાવવાનું ઐતિહાસિક કાર્ય પણ વર્તમાન સરકારના નેતૃત્વમાં થયું હોવાનું તેમણે જણાવ્યું હતું. શિક્ષિત યુવાનો સમાજમાં જાગૃતિ લાવી સરકારી યોજનાઓનો લાભ છેવાડાના લોકો સુધી પહોંચાડે તેવી અપીલ કરી હતી. કાર્યક્રમના પ્રારંભે ભગવાન બિરસા મુંડાની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આદિવાસી સમાજની પરંપરા અને સંસ્કૃતિને ઉજાગર કરતી સાંસ્કૃતિક તથા નૃત્યની પ્રસ્તુતિઓ રજૂ થઈ હતી. અમરેલી મેડિકલ કોલેજમાં પ્રવેશ મેળવનાર આદિજાતિના વિદ્યાર્થીઓ અને રમતગમત ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર ખેલાડીઓનું સન્માન કરાયું હતું. વનવિભાગના સામાજિક વનીકરણ રેન્જ દ્વારા બીજ મેળાનું પ્રદર્શન પણ યોજાયું હતું. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ દક્ષાબેન ચોડવડિયા, ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, નગરપાલિકા પ્રમુખ વૈશાલીબેન માંગરોળિયા, નયનાબેન કાપડિયા સહિતના પદાધિકારીઓ, અધિકારીઓ, અગ્રણીઓ તથા મોટી સંખ્યામાં આદિવાસી સમાજના ભાઈ-બહેનો અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

વડિયામાં 'અમારા ઘર પાસે ફટાકડા ફોડતા નહીં' કહેતા બબાલ થઈ

વડિયા,તા.૧૫

વડિયામાં 'અમારા ઘર પાસે ફટાકડા ફોડતા નહીં' તેમ કહેતા બબાલ થઈ હતી અને આ મામલે બંને પક્ષોએ સામસામી ફરિયાદ નોંધાવી હતી.આ અંગે વિલાસબેન બાલાભાઈ મકવાણા (ઉં.વ.૨૫) એ સંજયભાઈ ભીમજીભાઈ રાઠોડ, ભરતભાઈ ભીમજીભાઈ રાઠોડ, જયાબેન ભીમજીભાઈ રાઠોડ, મહેન્દ્રભાઈ ભીમજીભાઈ રાઠોડ, ધર્મિષ્ઠાબેન સંજયભાઈ રાઠોડ તથા સંજયભાઈ રાઠોડના સાસુ સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, તેઓ શેરીમાં ફટાકડા ફોડતા હતા ત્યારે સંજયભાઈ રાઠોડે તેમને કહ્યું કે, 'અમારા ઘર પાસે ફટાકડા ફોડતા નહીં' તેમ કહી ગાળો આપી હતી. જેથી તેમણે ગાળો દેવાની ના પાડતા આરોપી તેમના ઘરેથી લાકડી લઈ આવી મારવા લાગ્યો હતો. ભરતભાઈ રાઠોડે ધક્કો માર્યો હતો તેમજ તેમની બહેનના વાળ પકડી ઢીકાપાટુનો મૂઢમાર માર્યો હતો. ઉપરાંત, તેમના પિતાને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.સામા પક્ષે, ધર્મિષ્ઠાબેન સંજયભાઈ રાઠોડ (ઉં.વ. ૨૬)એ વિશાલભાઈ બાલાભાઈ મકવાણા, બાલાભાઈ પાલાભાઈ મકવાણા, માધવીબેન બાલાભાઈ મકવાણા, દયાબેન બાલાભાઈ મકવાણા તથા વિલાસબેન બાલાભાઈ મકવાણા સામે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ પ્રમાણે, વિશાલભાઈ મકવાણા શેરીમાં ફટાકડા ફોડતા હતા, જેથી ધર્મિષ્ઠાબેનના પતિએ તેમને કહ્યું હતું કે, 'મારે નાની દીકરી છે, તેથી ફટાકડા દૂર જઈને ફોડો.' આથી ઉશ્કેરાયેલા આરોપીએ તેમના પતિને ઢીકાપાટુનો મૂઢમાર માર્યો હતો તેમજ તેમના સાસુના વાળ પકડી ઢીકાપાટુનો મૂઢમાર મારી ગાળો આપી હતી અને તેમના પતિને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે વડિયા પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ.ડી.ટી. બળસટિયા વધુ તપાસ કરી રહ્યા છે.

અવસાન નોંધ

સાવરકુંડલા

લાલજીભાઈ નાનજીભાઈ વાઘેલા (ઉં.વ.૬૦) તે હરેશભાઈ લાલજીભાઈ વાઘેલા, ઘનશ્યામભાઈ લાલજીભાઈ વાઘેલાના પિતાનું તા.૧૧/૧૧/૨૬ને બુધવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે.સદગતનું બેસણું તા.૧૬/૧૧/૨૦૨૬ને સોમવારના રોજ બપોરે ૩:૦૦ થી ૬:૦૦ કલાકે અમારા નિવાસ સ્થાન ફ્રેન્ડ સોસાયટી ઈન્દીરા વસાહત સાવરકુંડલા ખાતે રાખેલ છે.

સાવરકુંડલા

કલ્પેશકુમાર રજનિભાઇ કવા (ઉં.વ.૪૬) (હાલ: કોડીનાર) તે ઓઘવજીભાઈ દેવજીભાઈ રાઠોડ લીખાળાવાળાના જમાઈ, મનસુખભાઈ ઓઘવજીભાઈ રાઠોડ, ભરતભાઈ ઓઘવજીભાઈ રાઠોડના બનેવીનું તા.૧૩/૧૧/૨૬ને શુક્રવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે સદ્ગતની સાદડી તા.૧૬/૧૧/૨૬ને સોમવારના રોજ સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાકે લુહાર જ્ઞાતિ વાડી બેંક ઓફ બરોડાવાળો ખાંચો, સાવરકુંડલા ખાતે રાખેલ છે.

બગસરા

શાસ્ત્રી દિનેશભાઈ જગદીશભાઈ ભટ્ટ ઉમર ૪૮ વર્ષ તે રાજુભાઈ ભટ્ટ અને શાસ્ત્રી હર્ષદભાઈ ભટ્ટના નાનાભાઈ તેમજ પ્રદીપભાઈ વ્યાસ રાજકોટના સાળાનું દુઃખદ અવસાન થયેલ છે સવારે ૯ વાગ્યે તથા સદ્ગતનું બેસણું તા. ૧૯ ગુરુવારે ૯ થી ૫ નાની પીડાખાઇ ગામે રાખેલ છે.

સાવરકુંડલા

સ્વ.મનસુખલાલ ભાનુશંકર ભાઈ ઉપાધ્યાય (ઉ.વ ૮૫) નું તા.૧૩/૧૨/૨૦૨૬ને શુક્રવારના રોજ સ્વર્ગવાસ થયેલ છે. તે જગન્નાથભાઈ ભાનુશંકર ઉપાધ્યાય (સરધાર) ના નાનાભાઈ તથા રાજેન્દ્રભાઈ રામશંકરભાઈ ઉપાધ્યાય (રાજુલા)ના મોટા ભાઈ તેમજ યોગેશભાઈ, રસિકભાઈ, કિશોરભાઈ, મધુબેન, ગીતાબેનના પિતા થાય છે. તેમની સાદડી તા.૧૬/૧૧/૨૦૨૬ને સોમવારના રોજ યોગેશભાઈ મનસુખલાલ ઉપાધ્યાયના ઘરે ગોકુલનગર - ૨ સાવરકુંડલા બાયપાસ રોડ ભુરીયા હનુમાન મંદિરની બાજુની શેરીમાં સાંજના ૪ થી ૬ કલાકે રાખેલ છે.







રાજુલા તાલુકાના ઊંટીયા ગામે વાડીમાં માલઢોર ચરાવવા બાબતે મારામારી, સામ-સામે ફરિયાદ

રાજુલા,તા.૧૫

રાજુલા તાલુકાના ઊંટીયા ગામે વાડીમાં માલઢોર ચરાવવા બાબતે થયેલા ઝઘડામાં પશુપાલકે યુવક પર કુહાડીના ઉંધા ભાગથી હુમલો કરી હાથમાં ફેક્ચર કરી દીધું હોવાની ઘટના સામે આવી છે.

ઊંટીયા ગામે રામજી મંદિરની બાજુમાં રહેતા અને ખેતીકામ કરતા વિશાલભાઈ અરજણભાઈ લાખણોત્રા (ઉં.વ.૩૮)ની કડીયાળી ગામના રસ્તે આવેલી વાડીમાં જારનો પાક હતો. ગત તા. ૧૩/૧૧/૨૦૨૬ના રોજ સવારના આશરે ૮:૪૫ વાગ્યાના અરસામાં વાલાભાઈ બાઘાભાઈ લાખણોત્રા પોતાની ગાયો-ઢોર ફરિયાદીની વાડીમાં ચરાવતા હતા. જ્યારે ફરિયાદીએ આરોપીને પોતાના માલઢોર વાડીમાંથી બહાર કાઢવાનું કહ્યું, ત્યારે ઉશ્કેરાઈને આરોપીએ ગાળો આપી હતી. ગાળો બોલવાની ના પાડતા આરોપીએ તેના હાથમાં રહેલી લોખંડના પાઈપ વાળી કુહાડીનો ઉંધો ઘા માર્યો હતો. જેથી ફરિયાદીએ બચાવ કરવા ડાબો હાથ આડો કરતા કુહાડી સીધી ડાબા હાથના કાંડાના ભાગે વાગવાથી ફેક્ચર જેવી ગંભીર ઈજા થઈ હતી.તો સામા પક્ષે ઊંટીયાના સ્કૂલ વિસ્તારમાં રહેતા ખેડૂત વાલાભાઈ બાઘાભાઈ લાખણોત્રા (ઉં.વ.૫૦) પોતાના માલઢોર લઈ વાડીએ જતા હતા. ત્યારે પાછળથી વાલાભાઈ અરજણભાઈ લાખણોત્રા, દિલીપભાઈ અરજણભાઈ લાખણોત્રા અને અરજણભાઈ વિરાભાઈ ટ્રેક્ટર લઈને આવ્યા હતા. ટ્રેક્ટર ફરિયાદીના ખૂંટિયાને અડી જતાં તે નીચે પડી ગયો હતો. આ બાબતે ઠપકો આપતા ત્રણેય શખ્સોએ ગાળો ભાંડી મૂઢ માર માર્યો હતો તથા અરજણભાઈએ કપાળ પર લોખંડના પાઈપનો ઘા મારી ઈજા પહોંચાડતા પોલીસે ગુનો નોંધ્યો છે.









સાવરકુંડલાના હાથસણી રોડ પર પાણાખાણમાં ડૂબી જતાં યુવકનું મોત

અમરેલી અને સાવરકુંડલા ફાયર વિભાગની સંયુક્ત ટીમે બે કલાકની જહેમત બાદ મૃતદેહ બહાર કાઢ્યો

સાવરકુંડલા,તા.૧૫

સાવરકુંડલાના હાથસણી રોડ પર આવેલી પાણાખાણમાં એક અજાણી વ્યક્તિ ડૂબી જવાની ઘટના સામે આવી હતી. તા.૧૫ નવેમ્બર, ૨૦૨૬ના રોજ સવારે ૯ વાગ્યે સાવરકુંડલા પોલીસ કંટ્રોલરૂમ દ્વારા અમરેલી અને સાવરકુંડલા ફાયર કંટ્રોલરૂમને ટેલિફોનિક જાણ કરવામાં આવી હતી. જાણ થતાં ઈન્ચાર્જ ફાયર ઓફિસર એચ.પી. સરતેજાની આગેવાની હેઠળ અમરેલી ફાયર ઈમરજન્સી સર્વિસ અને સાવરકુંડલા ફાયર વિભાગની



સંયુક્ત ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયર જવાનોએ આશરે બે કલાકની ભારે જહેમત બાદ પાણીમાંથી યુવકનો મૃતદેહ શોધી બહાર કાઢ્યો હતો અને સ્થાનિક પોલીસને સોંપ્યો હતો. પ્રાથમિક તપાસમાં મૃતકની ઓળખ રાજુભાઈ ભીમાભાઈ વાઘેલા (ઉંમર ૨૫ વર્ષ, રહે. સાવરકુંડલા) તરીકે થઈ છે. ઘટનાને પગલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

સા.કુંડલામાં છોકરી સાથે સોશિયલ મીડિયામાં વાત કરવા મુદ્દે માથાકૂટ

'જીવતો નથી જવા દેવો' કહી છરીના ઘા માર્યા

સાવરકુંડલા,તા.૧૫

સાવરકુંડલામાં છોકરી સાથે સોશિયલ મીડિયામાં વાત કરવા મુદ્દે બબાલ થઈ હતી, જેમાં યુવકને 'જીવતો નથી જવા દેવો' તેમ કહી છરીના ઘા માર્યા હતા. બનાવ અંગે પૃથ્વીરાજભાઈ પ્રતાપભાઈ ધાધલ (ઉં.વ. ૧૮) એ મૂળ સાવરકુંડલાના અને હાલ સુરત રહેતા માનવ રાદડિયા અને ઉદય રાદડિયા સામે ફરિયાદ નોંધાવી હતી.ફરિયાદ મુજબ, તેમના મિત્ર અને ઈજા પામનાર સાહેદ કુલદીપભાઈ સાંઢસુર ઈન્સ્ટાગ્રામમાં સાવરકુંડલાની એક છોકરી સાથે વાતચીત કરતા હતા. આરોપી માનવ રાદડિયા પણ આ છોકરીને ઈન્સ્ટાગ્રામમાં ફોલો કરતો હતો. જેથી બંને વચ્ચે મનદુઃખ થતાં આજથી બે મહિના પહેલાં આરોપીએ કુલદીપભાઈને ઈન્સ્ટાગ્રામમાં મેસેજ મારફતે બીભત્સ ગાળો આપી હતી.આ બાબતે સમાધાન કે વાતચીત કરવા માટે બંને પક્ષો ભેગા થયા હતા. આ દરમિયાન આરોપીએ ઉશ્કેરાઈને કુલદીપભાઈને આડેધડ ઢીકાપાટુંનો માર માર્યો હતો અને ઉદય રાદડિયાએ "તેને જીવતો નથી જવા દેવો" તેમ કહ્યું હતું. ત્યારબાદ આરોપીએ જાનથી મારી નાખવાના ઈરાદે પીઠના પાછળના ભાગે છરીના આડેધડ ઘા મારી જીવલેણ ઈજા કરી હતી, તેમજ જમણા હાથના પહોંચાના ભાગે છરી વડે બે ટાંકા આવે તેવી ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના પી.આઈ. કે.બી. સોલંકી વધુ તપાસ કરી રહ્યા છે.

રાજુલાના માંડળ ગામે મોક્ષધામની સામે બાઈક આડે ભૂંડ આવતાં યુવકનું મોત

રાજુલા,તા.૧૫

રાજુલા તાલુકાના માંડળ ગામે મોક્ષધામની સામે બાઈક આડે ભૂંડ આવી જતાં અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં બાઈકસવાર યુવકનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. અકસ્માતની સમગ્ર ઘટના નજીકના સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી. આ અંગે કાનજીભાઈ ઉર્ફે કનુભાઈ રત્નાભાઈ વાળા (ઉં.વ.૩૮)એ જાહેર કર્યા મુજબ, પ્રવીણભાઈ રત્નાભાઈ વાળા (ઉં.વ. ૩૬) પોતાની દુકાને જઈ રહ્યા હતા ત્યારે રસ્તામાં અચાનક ભૂંડ આડે આવતાં તેમણે બાઈક પરથી કાબૂ ગુમાવ્યો હતો અને માથાના ભાગે ગંભીર ઈજા થતાં તેમનું મોત થયું હતું. આ ઘટનાને પગલે ગામમાં શોકની લાગણી ફેલાઈ ગઈ હતી.

ચલાલા નજીક લાખાપાદરમાં દેશી દારૂની ભઠ્ઠી પર એસએમસીના દરોડા

પોલીસે રૂા.૫.૦૬ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

અમરેલી,તા.૧૫

ધારી તાલુકાના લાખાપાદર ગામે સ્ટેટ મોનિટરીંગ યુનિટની ટીમે બાતમીના આધારે દરોડા પાડીને દેશી દારૂ બનાવતી સક્રિય ભઠ્ઠી ઝડપી પાડી છે. આ કાર્યવાહી દરમિયાન મોટા પ્રમાણમાં વિપુલ માત્રામાં દેશી દારૂ, વોશ અને અન્ય સાધનો સહિત લાખો રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.ચલાલા પોલીસ સ્ટેશન વિસ્તાર અંતર્ગત લાખાપાદર ગામે બાપા સીતારામની મઢી પાછળ આવેલા દેવજીભાઈ વાઘેલાના મકાન પાછળની ખુલ્લી જગ્યામાં ચાલતી દેશી દારૂની ભઠ્ઠી પર રેડ કરવામાં આવી હતી. આ કાર્યવાહીમાં કુલ ૨૫૧ લીટર દેશી દારૂ, ૨૪૭૫ લીટર ઠંડો વોશ, ૧૨૦ લીટર ગરમ વોશ, ૧૧૦૪ કિલો ગોળ, આઈ-૨૦ કાર, રોકડ રકમ તેમજ અન્ય સાધનો મળીને કુલ રૂ. ૫,૦૬,૧૭૫/- ની કિંમતનો મુદ્દામાલ કબ્જે કરાયો છે. આ પ્રવૃત્તિમાં સંડોવાયેલા પાંચ મુખ્ય આરોપીઓ તેમજ સંગઠિત ગુનાહિત કાવતરામાં સામેલ અન્ય ઈસમો વિરુધ્ધ પ્રોહીબિશન એક્ટ અને ભારતીય ન્યાય સંહિતાની કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની સઘન કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

રાજુલાના નવા આગરિયા ગામની સીમમાંથી ૧૫૦ ફૂટ કેબલની ચોરી

રાજુલા,તા.૧૫

રાજુલાના નવા આગરિયા ગામની સીમમાંથી ૧૫૦ ફૂટ કેબલની ચોરી થઈ હતી.

બનાવ અંગે અરશીભાઈ છગનભાઈ છોટાળા (ઉં.વ.૫૨)એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, 'હોળીધાર' તરીકે ઓળખાતી સીમમાં આવેલી તેમની વાડીમાં સબમર્સિબલ મોટર માટે નાખેલો ૬ MM નો આશરે ૧૫૦ ફૂટ કેબલ વાયર (આશરે કિંમત રૂ. ૧૦,૦૦૦) કોઈ અજાણ્યો ઈસમ વાડીમાં પ્રવેશ કરી ધારદાર હથિયાર વડે સ્ટાર્ટર તથા બોર પાસેથી કાપી ચોરી કરી લઈ ગયો હતો. રાજુલા પોલીસ સ્ટેશનના પી.એસ. આઈ. એસ. બી. જાની વધુ તપાસ કરી રહ્યા છે.

બાબરાના ગળકોટડી ગામ પાસે ગમખ્વાર અકસ્માત: કારની ટક્કરે બે વ્યક્તિ ઈજાગ્રસ્ત

ફરિયાદીના કાકા અને મિત્ર વાડીએથી ઘરે જમવા જતા હતા ત્યારે સર્જાયો અકસ્માત :અકસ્માત સર્જી ચાલક ફરાર

અમરેલી,તા.૧૫

બાબરા તાલુકાના ગળકોટડી ગામ પાસે કપાસના જીન નજીક હાઈવે પર ગત તા. ૧૧/૧૧/૨૦૨૬ના રોજ બપોરે ૧૨:૦૦ વાગ્યાના અરસામાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. મૂળ દાહોદના અને હાલ ગળકોટડી રહેતા સંજયભાઈ છગનભાઈ નળવાયાના કાકા અને તેમના મિત્ર મોટરસાઈકલ લઈને વાડીએથી ઘરે જમવા જઈ રહ્યા હતા. આ દરમિયાન રોડ ક્રોસ કરતી વખતે પૂરઝડપે અને બેદરકારીથી આવી રહેલી ફોર વ્હીલ કાર (નંબર GJ ૦૫ RK ૩૦૨૨)ના ચાલકે બાઈકને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં બંનેને માથા, છાતી, પેટ અને હાથ-પગના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત બાદ કાર ચાલક ફરાર થઈ જતાં પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

ખાંભાના નાનુડી ગામે પ્રેમલગ્નના મનદુઃખમાં મારવાની ધમકી અપાઈ

બંને પક્ષોએ સામસામી ફરિયાદ નોંધાવી

ખાંભા,તા.૧૫

ખાંભાના નાનુડી ગામે પ્રેમલગ્નના મનદુઃખમાં ગાળો આપી જાનથી મારવાની ધમકી આપવામાં આવી હતી. આ બનાવ અંગે જયેશભાઈ ધનજીભાઈ પાટડિયા (ઉં.વ.૨૭) એ ગીતાબેન અશ્વિનભાઈ ચાવડા, રંજનબેન ભૂપતભાઈ ચાવડા, દયાબેન ભૂપતભાઈ ચાવડા, રવીનાબેન ભૂપતભાઈ ચાવડા, લાલાભાઈ લખમણભાઈ કોતરવાડિયા, ભૂપતભાઈ નાથાભાઈ ચાવડા, રાહુલભાઈ કમલેશભાઈ કોતરવાડિયા તથા વિશાલભાઈ કમલેશભાઈ કોતરવાડિયા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, જયેશભાઈએ તેમના જ ગામના કમલેશભાઈ વલ્લભભાઈ કોતરવાડિયાની દીકરી વૈશાલી સાથે આજથી આશરે એકાદ વર્ષ પહેલાં ભાવનગર ખાતે પ્રેમલગ્ન કર્યા હતા. જે વાતનું મનદુઃખ રાખી આરોપીઓએ તેમના ઘર પાસે આવી જેમ ફાવે તેમ ગાળો આપી હતી તેમજ લોખંડની પાઈપનો ઘા વાંસા તથા માથાના ભાગે માર્યો હતો. ઉપરાંત સાહેદ મહેશભાઈ, કોમલબેન તથા વૈશાલીબેનને શરીરે આડેધડ ઢીકાપાટુ વડે મૂંઢ માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.જે બાદ, સામા પક્ષે વિશાલભાઈ કમલેશભાઈ કોતરવાડિયા (ઉં.વ.૨૩) એ જયેશભાઈ ધનજીભાઈ પાટડિયા, મહેશભાઈ ધનજીભાઈ પાટડિયા તથા મંજુબેન ધનજીભાઈ પાટડિયા સામે વળતી ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેમની મોટી બહેન વૈશાલીબેનને તેમના ગામના ધનજીભાઈ મનજીભાઈ પાટડિયાના દીકરા જયેશભાઈ સાથે એકાદ વર્ષ પહેલાં પ્રેમલગ્ન કર્યા હતા. તે બંને મોટરસાઈકલ લઈ નીકળી તેમની સામે હોર્ન વગાડી કટાક્ષ (કાતરા) મારતા હતા. જેથી તેઓ તથા સાહેદો આરોપીના ઘરે ઠપકો આપવા ગયા હતા. આ દરમિયાન આરોપીઓએ જેમ ફાવે તેમ ગાળો આપી તેમને શરીરે આડેધડ ઢીકાપાટુ વડે મૂંઢ માર માર્યો હતો. ઉપરાંત લાકડાનો ધોકો (બડો) વાંસાના ભાગે માર્યો હતો તેમજ લોખંડની પાઈપ વડે વાંસાના ભાગે મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.આ મામલે ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ. પી. ધાંધળ વધુ તપાસ કરી રહ્યા છે.

આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૩, તિથિ: સાતમ
તા.૧૬-૧૧-૨૦૨૬, સોમવાર, સૂર્યોદય-૦૬:૪૪,
સૂર્યાસ્ત-૦૫:૨૭, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: શ્રાવણ

દૈનિક રાશિફળ

તા.૧૬-૧૧-૨૦૨૬ સોમવાર

મેષ: આજનો દિવસ તમારા માટે સુખદ રહેશે કેમ કે આજે તમે વિચારેલા કાર્ય પૂર્ણ થઈ શકે છે. નોકરીમાં ઉચ્ચ પદની પ્રાપ્તીની સંભાવના રહેલી છે.

વૃષભ: આજનો દિવસ તમારા માટે થોડો વ્યસ્ત રહેશે. પરંતુ સારા પરિણામ મળવાથી થાકનો અનુભવ નહીં થાય.

મિથુન: આજનો તમારો દિવસ મિશ્ર ફળદાયક છે. પ્રત્યેક મામલામાં મિશ્ર પરિણામો મળશે. ધર્મ-કર્મ પ્રત્યે આસ્થા વધશે.

કર્ક: આજે ગ્રહોની દશા તમારા દિવસને અનુકૂળ બનાવી રહી છે. સુખ-સંપત્તિમાં વિસ્તાર થશે. પરિવારમાં સુખ-શાંતિનું વાતાવરણ રહેશે.

સિંહ: આજ કાર્યક્ષેત્રમાં વધારાની જવાબદારી અને ધાર્મિક કાર્યોમાં વ્યસ્તતા વધશે. સંપત્તિનો વિસ્તાર થશે અને આવકમાં વૃદ્ધિ થશે.

કન્યા: આજનો દિવસ તમારા કાર્યક્ષેત્રમાં મુશ્કેલી ભરેલો હોઈ શકે છે. કાર્યક્ષેત્રમાં મુશ્કેલી અને મહેનત વધારે રહેશે.

તુલા: ગ્રહોની સ્થિતિથી ખ્યાલ આવી રહ્યો છે કે આજનો દિવસ કાર્યક્ષેત્રમાં ઘણો વ્યસ્તતા ભરેલો રહેશે. આવકમાં વૃદ્ધી થશે.

વૃશ્ચિક: આજનો દિવસ તમારા માટે ઘણો કઠીન રહેશે. પ્રત્યેક કામમાં પડકારો અને અડચણો આવી શકે છે.

ધન: આજે ગ્રહો જણાવી રહ્યા છે કે આજે તમારા ઘરમાં કોઈ શુભ કાર્યના આયોજનથી મનમાં પ્રસન્નતા અને વ્યસ્તતા રહેશે.

મકર: આજે તમારા ભાગ્યનો ઉદય, ધન, ક્રમ, શત્રુ ચિંતાઓનું દમન થશે. સર્વત્ર વિજય, હર્ષ મંગળમય પરિવર્તન અને મનોરથ સિધ્ધ થવાથી પ્રસન્નતા રહેશે.

કુંભ: આજનો દિવસ તમારા માટે દૈવી કૃપાવાળો બની શકે છે. માતાનું સાનિધ્ય અને આશીર્વાદ ખાસ રીતે ફળદાયી રહેશે.

મીન: આજનો દિવસ શુભ રહેશે. નોકરીમાં ઉચ્ચ પદની પ્રાપ્તીનો યોગ બની શકે છે. સંતાન તરફથી સુખદ સમાચાર મળશે.

સાવરકુંડલાના પંડિત દિનદયાળ ઉપવનમાં પ્રાથમિક શાળાના બાળકો માટે પ્રવેશ નિ:શુલ્ક કરવા માંગ ઉઠી

સાવરકુંડલા,તા.૧૫

સાવરકુંડલા શહેરના મહુવા રોડ પર આવેલા પંડિત દિનદયાળ ઉપવન (જનતા બાગ)માં ચાર વર્ષથી વધુ વયના બાળકો માટે પ્રવેશ ટિકિટ વસૂલવામાં આવતી હોવાથી, પ્રાથમિક શાળા સુધીના બાળકોને નિશુલ્ક પ્રવેશ આપવાની લોકમાંગ પ્રબળ બની છે. બાલ દિનના અવસરે તંત્ર સમક્ષ સંવેદનશીલ



રજૂઆત કરાઈ છે કે બાળકોના શારીરિક અને માનસિક વિકાસ માટે બાગ જરૂરી છે, પરંતુ ગરીબ પરિવારના વાલીઓ માટે ટિકિટનો ખર્ચ ઉઠાવવો મુશ્કેલ છે. શૈશવ એ ભવિષ્યના યુવાધનનો પાયો હોવાથી, જો બાળપણ આર્થિક મુશ્કેલીઓમાં કરમાઈ જશે તો દેશનું યુવાધન કેવી રીતે પાંગરશે તેવો પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો છે.

વિકાસની વાતો વચ્ચે ઓછામાં ઓછા પ્રાથમિક શિક્ષણ લેતા બાળકોને બાગમાં મફત પ્રવેશ આપી તેમનું બાળપણ ખિલવવાનો અધિકાર આપવામાં આવે તેવી માંગ સાથે હાલ આ મુદ્દો તંત્ર માટે ગંભીર મનોમંથનનો વિષય બન્યો છે.

મોટી કુંકાવાવ ગામે પૂરપાટ ટ્રકે રાહદારી યુવાનને અડફેટે લેતા કરૂણ મોત નિપજ્યુ

અમરેલી,તા.૧૫

મોટી કુંકાવાવ ગામે એક ગમખ્વાર અકસ્માતની ઘટના સામે આવી છે, જેમાં ટ્રક ચાલકની બેફામ અને પુરપાટ ઝડપે ચલાવવામાં આવેલા વાહને એક યુવાનનો ભોગ લીધો છે. તા. ૧૪ નવેમ્બર ૨૦૨૬ ના રોજ બપોરે ૧૪:૧૦ વાગ્યે યુવક મોટી કુંકાવાવ ગામ તરફ રોડ પર ચાલીને જઈ રહ્યા હતા. આ દરમિયાન આરોપી રમેશભાઈ છોટેલાલભાઈ વિઠલાણીએ પોતાના હવાલાવાળો ટ્રક (રજી. નં. જીજે-૧૪-એટી-૨૨૧૧) અત્યંત પૂરપાટ ઝડપે અને બેફિકરાઈથી ચલાવીને યુવકને પાછળના ભાગેથી જોરદાર ટક્કર મારી હતી. આ ગંભીર અકસ્માતમાં મરણજનાર યુવકને માથાના ભાગે ગંભીર ઈજાઓ થવાથી તેમનું કરૂણ મોત નીપજ્યું હતું. આ અંગે વડીયા પોલીસ સ્ટેશનના અના.એ.એસ.આઈ. ડી.ટી. બળસટીયા દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

જિલ્લાના નાગેશ્રી, સાવરકુંડલા અને રાજુલામાં દારૂડિયા અને હથિયાર સાથે શખ્સો ઝડપાયા

અમરેલી,તા.૧૫

અમરેલી જિલ્લાના નાગેશ્રી, સાવરકુંડલા અને રાજુલા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પોલીસે સઘન ચેકિંગ હાથ ધરીને ગુના આચરનાર ઈસમો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરી છે.

નાગેશ્રી અને સાવરકુંડલા વિસ્તારમાં ચેકિંગ દરમિયાન નશાની હાલતમાં પૂરપાટ અને સર્પાકારે વાહન ચલાવતા શખ્સો ઝડપાયા છે.

જ્યારે સાવરકુંડલા ટાઉન વિસ્તારમાં જાહેરનામાનો ભંગ કરીને પોતાની પાસે લોખંડની છરી અને ધારીયું જેવા હથિયારો સાથે ફરી રહેલા બે શખ્સો પકડાયા હતા તેમજ રાજુલા બસ સ્ટેશન પાસે બુલેટ બાઈક બેફિકરાઈથી ચલાવી લોકોની જિંદગી જોખમમાં મૂકનાર ચાલક સામે ગુનો નોંધાયો છે.

ધારીના ગોવિંદપુર ગામે બે પક્ષોએ સામસામી ફરિયાદ નોંધાવી

ડેલા પર પથ્થરના ઘા પણ કર્યા

ધારી,તા.૧૫

ધારીના ગોવિંદપુર ગામે બે પક્ષોએ સામસામી ફરિયાદ નોંધાવી હતી. રમેશભાઈ મુળાભાઈ દાફડા (ઉ.વ. ૪૦) એ રામજીભાઈ પ્રેમજીભાઈ પરમાર, મનીષભાઈ રામજીભાઈ પરમાર તથા વિવેકભાઈ શ્યામભાઈ પરમાર સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેમને તેમની દીકરી બાબતે મનીષભાઈ રામજીભાઈ પરમાર સાથે બોલાચાલી થઈ હતી. તે વખતે આરોપીઓ તથા તેમણે ઘરમેળે સમાધાન કર્યું હતું તેમજ નક્કી કર્યું હતું કે, મનીષભાઈ પરમાર ગોવિંદપુર ગામમાં આવશે નહીં.

તેમ છતાં તેઓ ગામમાં આવ્યા હતા અને પોતાને ગામમાં નહીં આવવા દેવા બાબતનું મનદુઃખ રાખી રામજીભાઈ હાથમાં લોખંડનો પાઈપ તથા મનીષભાઈ લાકડાનો ધોકો લઈ આવી જેમ ફાવે તેમ ગાળો આપી હતી. ઉપરાંત, તેમને ગળાના ભાગે લોખંડનો પાઈપ મારી મૂઢ ઈજા કરી હતી અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જ્યારે વિવેકભાઈ પરમારે તેમના ડેલા પાસે આવી ડેલા પર પથ્થરના ઘા કરી સાહેદોને જેમ ફાવે તેમ ગાળો આપી હતી.જે બાદ રામજીભાઈ પ્રેમજીભાઈ પરમાર (ઉ.વ. ૪૫)એ રમેશભાઈ મુળાભાઈ દાફડા તથા કેશુભાઈ રમેશભાઈ દાફડા સામે નોંધાવેલી વળતી ફરિયાદ પ્રમાણે, તેઓ તેમની ડેલીની બહાર બેઠા હતા ત્યારે આરોપીઓ ગાળો બોલતા હતા. જેથી તેમણે આરોપીઓને ઠપકો આપી કહ્યું હતું કે, અહીં બૈરાંઓ રહે છે, તમે ગાળો ન બોલો. તે વાતનું મનદુઃખ રાખી આરોપીઓએ તેમને લોખંડના પાઈપના ચાર ઘા માર્યા હતા. ઉપરાંત ઢીકાપાટુનો મૂઢ માર માર્યો હતો અને જેમ ફાવે તેમ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ અંગે ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ. એચ. વાઘ વધુ તપાસ કરી રહ્યા છે.

તંત્રી લેખ

ખેતીમાં રિન્યુએબલ પાવરનું આગમન

આ બદલાતા યુગમાં જ્યારે આપણી પૃથ્વી ગ્લોબલ વૉર્મિંગ, આબોહવા પરિવર્તનો, અનિયમિત વરસાદની પેટર્ન અને વીજળીની ઉત્તરોત્તર વધી રહેલી માંગ સામે એક મોટો સંઘર્ષ લડી રહી છે, ત્યારે ભારત જેવા વિશાળ અને કૃષિપ્રધાન દેશ માટે આર્થિક વિકાસ અને પર્યાવરણનું જતન વચ્ચે સંતુલન સાધતો નવો રસ્તો અપનાવવો અનિવાર્ય બની ગયો છે. પરંપરાગત ઊર્જા સ્રોતો મર્યાદિત હોવા ઉપરાંત પર્યાવરણને નુકસાન પહોંચાડે છે, જ્યારે બીજી તરફ સતત વધતી વસ્તીના પોષણ માટે અન્નનું ઉત્પાદન વધારવું પણ એટલું જ આવશ્યક છે. આ બંને ગંભીર પડકારોનો સામનો કરવા માટે તાજેતરમાં દેશની રાજધાની દિલ્હીના ભવ્ય પરિસરમાં યોજાયેલા રાષ્ટ્રીય સંમેલનમાં ખેતીની જમીન પર જ સોલાર પ્લેટ લગાવીને એકસાથે વીજળી અને પાક બંને મેળવવાની આધુનિક પધ્ધતિ પર વિશેષ પ્રકાશ પાડવામાં આવ્યો છે જેને એગ્રીવોલ્ટાઈક્સ અથવા ખેત-સોલાર પ્રણાલી તરીકે ઓળખવામાં આવે છે. આ તકનીક માત્ર વીજળી ઉત્પન્ન કરવા પૂરતી સીમિત નથી, પરંતુ તે દેશના અન્નદાતા ગણાતા ખેડૂતોના જીવનમાં ક્રાંતિકારી પરિવર્તન લાવવાની અપાર ક્ષમતા ધરાવે છે અને ભવિષ્યની જરૂરિયાતોને પહોંચી વળવા માટે એક અદભુત માર્ગ પૂરો પાડે છે. પરંપરાગત રીતે આપણી આર્થિક વ્યવસ્થામાં જમીનનો ઉપયોગ હંમેશાં બે અલગ-અલગ અને વિરોધી ભાગોમાં વહેંચાયેલો રહ્યો છે જેમાં એક તરફ અનાજ અને પાક ઉગાડવા માટે ખેતીની જમીનનો ઉપયોગ થતો હતો અને બીજી તરફ વીજળી ઉત્પન્ન કરવા માટે મોટા સોલાર પ્લાન્ટ્સની સ્થાપના કરવામાં આવતી હતી. આ બંને ક્ષેત્રો વચ્ચે હંમેશાં જમીનની મર્યાદિત ઉપલબ્ધતા માટે એક પ્રકારની સ્પર્ધા જોવા મળતી હતી કારણ કે જો કોઈ જમીન સોલાર પાર્ક માટે ફાળવવામાં આવે તો ખેતી માટેનું ક્ષેત્ર ઘટી જતું હતું અને જો ખેતી માટે વપરાય તો રિન્યુએબલ એનર્જીના પ્રોજેક્ટ્સ મર્યાદિત બનતા હતા. પરંતુ આ નવીનતમ પદ્ધતિ આ બંને વિભાવનાઓને એક જ મંચ પર જોડી દે છે જેમાં ખેતરોમાં યોગ્ય ઊંચાઈ અને ચોક્કસ અંતર પર સોલાર પ્લેટ ગોઠવવામાં આવે છે જેથી નીચેના ભાગમાં ટ્રેક્ટર, હાર્વેસ્ટર અને અન્ય ખેતીના સાધનો સરળતાથી ફરી શકે, ખેડૂતો પોતાના પાકની યોગ્ય સંભાળ રાખી શકે અને ઉપરના ભાગમાં સૂર્યપ્રકાશ દ્વારા વિપુલ પ્રમાણમાં વીજળી પણ મળી રહે છે. આનાથી જમીનનો ઉપયોગ બે ગણી ક્ષમતા સાથે થાય છે જેને ભૂમિ-ઉપયોગ દક્ષતા તરીકે ઓળખવામાં આવે છે જે આજના સમયની સૌથી મોટી જરૂરિયાત છે.

ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની ૨૦૨૭ની ચૂંટણીલક્ષી રાજકીય તૈયારીઓ



પ્રાસંગિક
સુરેશ દેસાઈ

ગુજરાતના રાજકારણમાં આગામી વિધાનસભા ચૂંટણી ભલે હજી થોડે દૂર દેખાઈ રહી હોય, પરંતુ ભારતીય જનતા પાર્ટીએ અત્યારથી જ ચૂંટણીલક્ષી રણશિંગુ ફૂંકી દીધું છે અને પોતાની રાજકીય તૈયારીઓને આખરી ઓપ આપવાનું શરૂ કરી દીધું છે. તાજેતરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ગુજરાત પ્રવાસ દરમિયાન રાજભવન ખાતે યોજાયેલી બેઠકો અને ડિનર ડિપ્લોમસી એ સ્પષ્ટ સંકેત આપી દીધા છે કે ભાજપ સત્તા અને સંગઠનને વધુ ધારદાર બનાવવા માટે જરાય સમય વેડફવા માંગતી નથી. સરકારના મંત્રીઓ, સંગઠનના અગ્રણી હોદ્દેદારો અને પક્ષના વરિષ્ઠ તથા જૂના જોગીઓ સાથેનું આ મંથન માત્ર એક ઔપચારિક મુલાકાત નથી, પરંતુ આગામી સમયમાં રાજ્યના રાજકીય સમીકરણોને વધુ મજબૂત કરવા માટેનું એક સુદ્રઢ આયોજન સાબિત થઈ રહ્યું છે.

ગુજરાતનો રાજકીય ઈતિહાસ પ્રાચીન કાળથી લઈને આધુનિક લોકશાહી યુગ સુધી ખૂબ જ સમૃધ્ધ અને પરિવર્તનશીલ રહ્યો છે. દરિયાકાંઠાના વ્યાપારિક મહત્ત્વ અને ભૌગોલિક સ્થિતિને કારણે અનેક સામ્રાજ્યોએ આ પ્રદેશ પર શાસન કર્યું છે.

૧૯ મી સદીની શરૂઆતમાં બ્રિટીશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીએ ગુજરાત પર નિયંત્રણ મેળવ્યું. તે સમયે ગુજરાત અનેક નાના-મોટા રજવાડાઓ અને બ્રિટિશ પ્રાંતોમાં વહેંચાયેલું હતું. ભારતના સ્વતંત્રતા આંદોલનમાં ગુજરાતનું પ્રદાન સીમાચિહ્નરૂપ રહ્યું છે. મહાત્મા ગાંધીજીના સાબરમતી આશ્રમ અને દાંડીકૂચથી આઝાદીની લડતને વૈશ્વિક વેગ મળ્યો. ૧૯૪૭માં દેશ આઝાદ થયા બાદ, લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલે સેંકડો રજવાડાઓનું ભારતીય સંઘમાં સફળ વિલીનીકરણ કરી અખંડ ભારતના નિર્માણમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી.

આઝાદી પછી ગુજરાત 'બૃહદ મુંબઈ રાજ્ય'નો એક ભાગ હતું. ગુજરાતી ભાષીઓ માટે અલગ રાજ્યની માંગ સાથે ઐતિહાસિક 'મહા ગુજરાત આંદોલન' થયું. પરિણામે, ૧ મે ૧૯૬૦ના રોજ બોમ્બે રાજ્યનું વિભાજન થઈને સ્વતંત્ર 'ગુજરાત રાજ્ય' અસ્તિત્વમાં આવ્યું. ડૉ. જીવરાજ મહેતા ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રી બન્યા.

૧૯૬૦ થી ૧૯૯૫ સુધીના લાંબા સમયગાળા સુધી ગુજરાત વિધાનસભામાં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસનું મુખ્ય વર્ચસ્વ રહ્યું, જોકે ૧૭૦ના દાયકામાં કટોકટી વિરોધી આંદોલનો અને જનતા મોરચાની સરકારોનો સમય પણ રાજકારણે જોયો.

૧૯૯૫ પછી ગુજરાતના રાજકારણમાં મોટો વળાંક આવ્યો અને ભારતીય જનતા પાર્ટી (BJP) સત્તાના કેન્દ્રમાં આવી. કેશુભાઈ પટેલ અને ત્યારબાદ નરેન્દ્ર મોદીના લાંબા મુખ્યમંત્રીકાળ દરમિયાન ગુજરાતમાં ઔદ્યોગિકરણ, શહેરીકરણ અને સુશાસનને કેન્દ્રમાં રાખીને રાજકારણનો પ્રવાહ બદલાયો. વર્ષ ૨૦૧૪ પછી રાષ્ટ્રીય સ્તરે પણ ગુજરાતના નેતૃત્વનો પ્રભાવ વધ્યો. વર્તમાન સમયમાં ભાજપ રાજ્યમાં સતત સત્તા પર છે, જ્યારે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી મુખ્ય વિપક્ષી દળો તરીકે સક્રિય છે.

આ પ્રકારે ગુજરાતનો રાજકીય ઈતિહાસ રજવાડાઓથી શરૂ થઈને લોકશાહીના મજબૂત મૂળ સુધીની દીર્ઘ અને પ્રેરણાદાયી સફર દર્શાવે છે.લોકશાહી વ્યવસ્થામાં સરકાર અને સંગઠન બંને એક જ રથના બે પૈડાં સમાન હોય છે. જો સરકાર ઉત્તમ કામ કરતી હોય પરંતુ તેનો અવાજ જનતા સુધી યોગ્ય રીતે ન પહોંચે, કે પછી સંગઠન અને શાસન વચ્ચે અંતર વધી જાય, તો ચૂંટણી ટાણે અનેક મુશ્કેલીઓ સર્જાઈ શકે છે. વડાપ્રધાન મોદી અને પક્ષનું શીર્ષ નેતૃત્વ આ બાબતે હંમેશાં સજાગ રહ્યું છે અને ગાંધીનગર સ્થિત રાજભવન ખાતે યોજાયેલી બેઠકોનો મુખ્ય ઉદ્દેશ્ય સરકારની યોજનાઓ અને વિકાસ કાર્યોને જમીની સ્તરે વધુ અસરકારક રીતે પહોંચાડવાનો હતો. મંત્રીઓ અને સંગઠન પદાધિકારીઓ વચ્ચે સતત સંકલન રહેવાથી નીતિઓના અમલીકરણમાં આવતી અડચણોને તાત્કાલિક દૂર કરી શકાય છે અને જનતાના પ્રશ્નોનું સમયસર નિરાકરણ લાવી શકાય છે.

રાજકારણમાં યુવા ઉર્જા જેટલી મહત્વની છે, તેટલી જ વરિષ્ઠોની અનુભવી સૂઝબૂઝ પણ અનિવાર્ય માનવામાં આવે છે. વડાપ્રધાન મોદીએ અમદાવાદ એરપોર્ટ પર આગમન બાદ પૂર્વ ધારાસભ્યો, સાંસદો અને પક્ષના વરિષ્ઠ આગેવાનો સાથે વિશેષ ચર્ચાઓ કરી હતી. આ જૂના જોગીઓ પક્ષના પાયાના પથ્થર સમાન છે, જેમણે વર્ષો સુધી જમીની સ્તરે પરસેવો પાડીને સંગઠનને ઊભું કર્યું છે અને તેને લોકભોગ્ય બનાવ્યું છે. તેમની અનુભવી સલાહ અને માર્ગદર્શનથી પક્ષની ચૂંટણીલક્ષી રણનીતિને એક નવી દિશા પ્રાપ્ત થાય છે. વળી, આ પ્રકારના આત્મીય સંવાદથી આંતરિક અસંતોષ કે રંજિશની શક્યતાઓને સંપૂર્ણપણે નાબૂદ કરી શકાય છે અને તમામ કાર્યકરો એકજૂટ થઈને મેદાનમાં ઉતરી શકે છે.


ગુજરાત ભાજપના સંગઠનાત્મક માળખામાં કરવામાં આવેલા તાજેતરના ફેરફારો પણ એટલા જ સૂચક અને દૂરગામી પરિણામો આપનારા છે. પક્ષ દ્વારા અંદાજે અઢી દાયકા એટલે કે ૨૫ વર્ષ પછી સહ મહામંત્રી સંગઠનની પ્રથાને ફરીથી જીવંત કરવામાં આવી છે. આ મહત્વના પદ પર યુવા અને કુશળ રણનીતિકાર અરુણ બિનનાડીને જવાબદારી સોંપવામાં આવી છે, જે સ્પષ્ટ દર્શાવે છે કે પાર્ટી અનુભવની સાથે સાથે યુવા પ્રતિભાને પણ સંગઠનના કેન્દ્રમાં રાખીને ભવિષ્યની આગેવાની તૈયાર કરી રહી છે. આ ફેરફાર માત્ર એક હોદ્દાની ફેરબદલી નથી, પરંતુ સંગઠનને વધુ વેગવંતુ, ગતિશીલ અને આધુનિક બનાવવાની દિશામાં એક ખૂબ મોટું અને નિર્ણાયક પગલું છે.

ચૂંટણીની દ્રષ્ટિએ ગુજરાતના કેટલાક સંવેદનશીલ અને મહત્વના વિસ્તારો પર ભાજપનું વિશેષ ધ્યાન કેન્દ્રિત થયું છે. સૌરાષ્ટ્ર વિસ્તાર ચૂંટણીની દ્રષ્ટિએ અત્યંત સંવેદનશીલ અને નિર્ણાયક ગણાય છે, જ્યાં પોતાની પકડ વધુ મજબૂત કરવા માટે રાજકોટને મુખ્ય કેન્દ્ર તરીકે ફાળવવામાં આવ્યું છે. અહીંથી સંગઠનની પ્રવૃત્તિઓનું સઘન સંચાલન થઈ રહ્યું છે જેથી સ્થાનિક સમીકરણોને બરાબર સાધી શકાય. આ ઉપરાંત, પૂર્વીય આદિવાસી પટ્ટામાં અંબાજીથી લઈને ઉમરગામ સુધીના વિસ્તારોમાં પક્ષના પ્રભાવને વધુ સઘન બનાવવા માટે અનુભવી નેતા સતીશ ધોંડને મહત્વની જવાબદારી સોંપવામાં આવી છે. આદિવાસી મતોનું રાજકારણ વર્તમાન સમયમાં ખૂબ જ મહત્વનું છે અને ભાજપ અહીં કોઈપણ પ્રકારની નબળાઈ કે ખાલીપો રાખવા માંગતી નથી.

કોઈપણ ચૂંટણી માત્ર મોટા નેતાઓના ભાષણો કે સભાઓથી નથી જીતાતી, પરંતુ બૂથ સ્તરે રહેલા સામાન્ય કાર્યકરોની અથાક મહેનતથી જીતાય છે. જિલ્લાઓ, મહાનગરો તેમજ યુવા, મહિલા, કિસાન, એસસી, એસટી અને ઓબીસી મોરચાઓમાં નવી નિયુક્તિઓ કરીને ભાજપે તૃણમૂલ સ્તરે એટલે કે ગ્રાશરૂટ લેવલે પોતાની પકડ મજબૂત કરવાનું અત્યારથી જ શરૂ કરી દીધું છે. વિપક્ષી દળો દ્વારા ફેલાવાતા દુષ્પ્રચાર અથવા પ્રશ્નો સામે સમયસર અને આક્રમક વળતો જવાબ આપવા માટે સંગઠન સંપૂર્ણપણે સુસજ્જ થઈ રહ્યું છે અને જનતાના સંપર્કમાં રહીને પોતાની નીતિઓ સ્પષ્ટ કરી રહ્યું છે.

નિષ્કર્ષરૂપે કહી શકાય કે ભાજપની આ રાજકીય રણનીતિ માત્ર આગામી ચૂંટણી જીતવા પૂરતી મર્યાદિત નથી, પરંતુ તે એક દીર્ઘદ્રષ્ટિપૂર્વક તૈયાર કરાયેલું સુદ્રઢ માળખું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સચોટ માર્ગદર્શન, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને પ્રદેશ સંગઠનના નેતૃત્વમાં સરકાર તથા સંગઠન વચ્ચેનો અદ્ભુત સુમેળ, તેમજ પાયાના કાર્યકરોની નિષ્ઠાવાન મહેનત ગુજરાતમાં ભાજપ માટે એક અત્યંત મજબૂત સ્થિતિનું નિર્માણ કરી રહી છે. આગામી સમયમાં આવનારી વિધાનસભા ચૂંટણીમાં ભાજપ પોતાની પરંપરાગત બેઠકો અકબંધ જાળવી રાખવા સાથે નવા લક્ષ્યાંકો હાંસલ કરવા માટે અત્યારથી જ પૂરી શક્તિ અને આયોજનબધ્ધ રીતે મેદાનમાં ઉતરી ચૂકી છે.

અપેક્ષાઓ માણસ પાસે અને ફરિયાદો ભગવાન પાસે !



આમ તો માણસ સુખ દુઃખ બન્ને પરિસ્થિતિમાં ઈશ્વરને યાદ કરે છે,પરંતુ બન્ને સ્થિતિમાં યાદ કરવાનો હેતુ અલગ હોય છે.જીવનમાં માણસની એક વિચિત્ર માનસિકતા છે. પોતાની અપેક્ષાઓ માણસો પાસેથી રાખે છે અને જ્યારે એ અપેક્ષાઓ પૂર્ણ થતી નથી ત્યારે ફરિયાદ ભગવાનને કરે છે. ખરેખર, આ વિચાર આપણને આત્મમંથન કરવા મજબૂર કરે છે કે આખરે આપણી ખુશી અને દુઃખનો આધાર આપણે કોના પર રાખ્યો છે?આપણા પોતાના પર,બીજા પર કે ઈશ્વર પર?

દરેક વ્યક્તિના જીવનમાં અનેક સંબંધો હોય છે. પરિવાર, મિત્રો, સગાંસંબંધીઓ, સહકર્મચારીઓ અને સમાજના લોકો સાથે આપણે જોડાયેલા હોઈએ છીએ. દરેક પાસેથી આપણને કંઈક અપેક્ષા હોય છે. કોઈ આપણને માન આપે, કોઈ આપણી વાત સમજે, કોઈ મુશ્કેલીના સમયે સાથ આપે, તો કોઈ આપણા સારા કામની પ્રશંસા કરે. પરંતુ જ્યારે સામેની વ્યક્તિ આપણી અપેક્ષા પ્રમાણે વર્તન કરતી નથી ત્યારે આપણું મન દુઃખી થાય છે. ક્યારેક તો વર્ષો જૂના સંબંધોમાં પણ કડવાશ આવી જાય છે.આનું મૂળ કારણ આપણે ઇચ્છીએ એવું સામેવાળાના વર્તનની અપેક્ષા!

હકીકતમાં, અપેક્ષા રાખવી એ માનવસ્વભાવ છે, પરંતુ અપેક્ષાઓને જીવનનો આધાર બનાવી દેવી એ દુઃખનું કારણ છે. આપણે ઘણીવાર ભૂલી જઈએ છીએ કે દરેક વ્યક્તિનો સ્વભાવ, સંજોગો, પરિસ્થિતિ,વિચારધારા અને સમજવાની શક્તિ અલગ હોય છે. જે વાત આપણને યોગ્ય લાગે તે સામેની વ્યક્તિને પણ યોગ્ય લાગે એવું જરૂરી નથી. દરેક વ્યક્તિ પાસેથી આપણી ઈચ્છા મુજબના વર્તનની આશા રાખવી એ જ સૌથી મોટી ભૂલ છે.અને એ ભૂલના ભોગે આપણા સબંધો બગડે છે.પછી મનોમન દુઃખી થઈને ભગવાન પાસે ફરિયાદ કરીએ છીએ.

ભગવાન પાસે ફરિયાદ કરવાને બદલે આપણે પોતાની અંદર ડોકિયું કરવાની જરૂર છે. ભગવાને આપણને સમજણ, વિવેક, ધીરજ અને કર્મ કરવાની શક્તિ આપી છે. કોઈ વ્યક્તિ આપણને મદદ ન કરે તો એનું દુઃખ લગાડવાના બદલે આપણે બીજાને મદદરૂપ બની શકીએ છીએ. કોઈ આપણને પ્રેમ ન આપે તો પણ આપણે પ્રેમ વહેંચી શકીએ છીએ. કોઈ માન ન આપે તો પણ આપણે બીજાનું સન્માન જાળવી શકીએ છીએ. કારણ કે આપણા સંસ્કાર અને ચારિત્ર્યનું મૂલ્ય બીજાના વર્તનથી નક્કી થતું નથી.ટૂંકમાં,કોઈના આપણી સાથેના ખરાબ વર્તનની અસર બીજા અન્ય લોકો સાથેના આપણા વર્તન પર પડવી ના જોઈએ.

સાચી શ્રધ્ધા એટલે માત્ર ભગવાન પાસે માંગતા રહેવું નહીં, પરંતુ ભગવાને આપેલા જીવન, પરિવાર, સ્વાસ્થ્ય અને સંબંધો માટે કૃતજ્ઞ રહેવું. જીવનમાં જે મળ્યું છે તેનો આનંદ માણવો અને જે નથી મળ્યું તેના માટે સતત ફરિયાદ ન કરવી. માણસો પાસેથી અપેક્ષા ઓછી અને પોતાની ફરજ પ્રત્યેની નિષ્ઠા વધારે રાખવી જોઈએ.

આપણે એક વાત હંમેશાં યાદ રાખવી જોઈએ કે સંબંધો અપેક્ષાથી નહીં, પરંતુ સમજણ, વિશ્વાસ, લાગણી અને નિઃસ્વાર્થ ભાવનાથી ટકે છે. જે વ્યક્તિ અપેક્ષાઓનું ભારણ ઓછું કરે છે તે જીવનમાં વધુ હળવાશ અને શાંતિ અનુભવે છે.

આથી, ચાલો વિક્રમ સવંત ૨૦૮૩ ના વર્ષમાં આપણે જીવનમાં એક નાનો સંકલ્પ કરીએ કે બીજાઓ પાસેથી કાંઈક મળવાની અપેક્ષા રાખવાને બદલે બીજાને કંઈક આપવાનો પ્રયત્ન કરીશું. ફરિયાદ કરવાને બદલે આભાર માનીશું અને બીજાની ભૂલો શોધવાને બદલે પોતાની ખામીઓ સુધારીશું. બીજાને સુધરવા માટે સલાહ આપવાના બદલે ખુદ બીજાની પરિસ્થિતિ સમજવા પ્રયત્ન કરીશું. કારણ કે જીવનની સાચી ખુશી એમાં નથી કે દુનિયા આપણી અપેક્ષા પ્રમાણે જીવે, પરંતુ એમાં છે કે આપણે દુનિયાની પરિસ્થિતિ વચ્ચે પણ હસતાં અને હકારાત્મક રહીને જીવતાં શીખીએ.અતિ અપેક્ષામાં રાખવાને બદલે કૈક અર્પણ કરવાં માટે પ્રયત્ન કરતા રહીશું.



મનન ચિંતન
ભરત બાવીશી

અપેક્ષાના ભારથી સંબંધો તૂટી જાય છે, સમજણના સેતુથી અંતર પણ ભૂંસાઈ જાય છે. ફરિયાદો છોડી કૃતજ્ઞતાનો દીપ પ્રગટાવીએ, બીજાને બદલવા પહેલાં ખુદને સુધારતા જઈએ.

ખેતીનું ગૌરવ અને ખેડૂતોની આત્મનિર્ભરતાનું પ્રેરક મોડેલ : વસુંધરા ગ્રુપ

૧૩૦ ખેડૂતોની મહેનતને મળ્યું બજારનું મજબૂત પ્લેટફોર્મ, પ્રાકૃતિક ખેતી સાથે વેલ્યુ એડિશન કરીને દર મહિને રૂ. ૬ થી ૭ લાખનું વેચાણ

અલ નીનોની અસરને કારણે ચાલુ વર્ષે ઓછા વરસાદની પરિસ્થિતિ સર્જાઈ છે. દિવાળીના તહેવારો પૂર્ણ થયા બાદ જ્યાં થોડીઘણી પિયતની સુવિધા ઉપલબ્ધ છે ત્યાં ખેડૂતોએ શિયાળુ વાવેતરની શરૂઆત પણ કરી દીધી છે. હકીકતમાં ખેડૂત હંમેશાં કુદરતના ભરોસે ખેતી કરતો આવ્યો છે. અનેક વિષમ પરિસ્થિતિઓ, કુદરતી આફતો અને આર્થિક પડકારો વચ્ચે પણ ખેડૂત પોતાની ખેતીનો વ્યવસાય છોડતો નથી. ખેતી માત્ર આવક મેળવવાનું સાધન નથી, પરંતુ જીવન નિર્વાહની એક પધ્ધતિ અને આપણી સંસ્કૃતિનો આધારસ્તંભ છે.

આજે ખેતીને આધુનિક મોડેલ સાથે જોડીને વધુ સમૃધ્ધ અને આત્મનિર્ભર બનાવવાના પ્રયાસો થઈ રહ્યા છે. ખેડૂતના ખેતરમાં અનાજનો ઢગલો પડ્યો હોય અને કોઈ સાધુ-સંત આવીને ઊભા રહે તો ખેડૂત એ ઢગલામાંથી સૂંડલો ભરીને તેમની ઝોળીમાં નાખી દે છે. આ છે ખેડૂતનું વિશાળ હૃદય અને ભારતીય સંસ્કૃતિના સંસ્કાર. આજે આવા જ ઉદાર હૃદયના અને ખેતીમાં નવી દિશા ચીંધનારા એક ખેડૂતની વાત કરવી છે.

ભાવનગર જિલ્લાના અકવાડા ગામના ખેડૂત શ્રી હમીરભાઈ સવજીભાઈ બારૈયા પાસે પોતાની માત્ર ૧૦ વીઘા જમીન છે. પરંતુ ખેતી પ્રત્યેની લગન અને મહેનતના આધારે તેઓ ૫૦ વર્ષની ઉંમર વટાવ્યા પછી પણ આશરે ૧૦૦ વીઘા જમીન ભાડે રાખીને ખેતી કરે છે.

પ્રાકૃતિક ખેતીના પ્રણેતા રાજીવ દીક્ષિતજીના વિચારો અને સૃષ્ટિ સંસ્થાના સંપર્કમાં આવ્યા બાદ હમીરભાઈએ વર્ષ ૨૦૧૦ થી પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરી હતી. તેઓ માને છે કે ધરતીનું સ્વાસ્થ્ય જાળવવાની સાથે માનવીનું સ્વાસ્થ્ય જાળવવાની જવાબદારી પણ ખેડૂતોની છે. કારણ કે જમીન સારી હશે તો જ માનવજીવન અને પર્યાવરણનું સ્વાસ્થ્ય સારું રહેશે. આ વિચારને તેમણે માત્ર પોતાના ખેતર પૂરતો મર્યાદિત રાખ્યો નથી, પરંતુ અન્ય ખેડૂતો સુધી પહોંચાડવાનું બીડું ઝડપ્યું છે.



આ હેતુથી તેમણે 'વસુંધરા' નામનું ખેડૂત સંગઠન ઊભું કર્યું. આ ગ્રુપમાં આજે આશરે ૧૩૦ ખેડૂતો જોડાયેલા છે. આ ખેડૂતો પરંપરાગત બિયારણ અને પ્રાકૃતિક ખેતીને પ્રાધાન્ય આપે છે. એટલું જ નહીં, ખેડૂતોને પોતાની ખેતપેદાશોના વેચાણ માટે બજારમાં ભટકવું ન પડે તે માટે વસુંધરા ગ્રુપ દ્વારા બજારભાવ કરતાં આશરે ૨૦ ટકા વધુ ભાવ આપીને ખેડૂતોની તમામ ખેતપેદાશોની ખરીદી કરવામાં આવે છે.

હમીરભાઈના જણાવ્યા અનુસાર, વસુંધરા ગ્રુપમાં ખેડૂતોની પસંદગી કરતી વખતે ખેતી પ્રત્યેની નિષ્ઠા, સ્વાવલંબન અને વ્યસનમુક્ત જીવનશૈલીને પણ મહત્ત્વ આપવામાં આવે છે. એટલે કે આ સંગઠન માત્ર પ્રાકૃતિક ખેતીનું જ નહીં, પરંતુ સ્વસ્થ ખેડૂત અને સ્વસ્થ સમાજનું પણ એક અભિયાન ચલાવી રહ્યું છે.

વસુંધરા ગ્રુપની વિશેષતા માત્ર ખેતપેદાશોની ખરીદી પૂરતી નથી. ખેડૂતોની પેદાશોમાં મૂલ્યવર્ધન કરીને તેને સીધા ગ્રાહકો સુધી પહોંચાડવાનું વ્યવસ્થિત માળખું પણ ઊભું કરવામાં આવ્યું છે. 'વસુંધરા' બ્રાન્ડ હેઠળ પહેલાં પરંપરાગત દેશી ખાંડણીમાં મસાલા ખાંડવાની પધ્ધતિ અપનાવવામાં આવતી હતી. ત્યારબાદ આધુનિક ખાંડણી મશીનો દ્વારા મસાલાનું પ્રોસેસિંગ શરૂ કરવામાં આવ્યું. મસાલાની ગુણવત્તા, સુગંધ, રંગ અને પોષકતત્ત્વો જળવાઈ રહે તે બાબતને વિશેષ મહત્ત્વ આપવામાં આવે છે.

આ ઉપરાંત લાકડાની ઘાણી દ્વારા મગફળીનું શુધ્ધ તેલ કાઢીને તેનું વેચાણ કરવામાં આવે છે. ગ્રુપ દ્વારા દાળ મિલ, ફ્લોર મિલ તેમજ અનાજ અને કઠોળના ગ્રેડિંગ, સૉર્ટિંગ અને પેકિંગ માટેનાં યુનિટ પણ શરૂ કરવામાં આવ્યાં છે.

આમ, એક તરફ ૧૩૦ ખેડૂતો પાસેથી ખેતપેદાશોની ખરીદી થાય છે અને બીજી તરફ તેનું પ્રોસેસિંગ, પેકિંગ, બ્રાન્ડિંગ અને માર્કેટિંગ કરીને ગ્રાહકો સુધી પહોંચાડવામાં આવે છે. આ સમગ્ર વ્યવસ્થામાં ખેડૂત માત્ર કાચો માલ પેદા કરનાર રહેતો નથી, પરંતુ ઉત્પાદનની કિંમત નક્કી કરવામાં અને બજારની આવકમાં ભાગીદાર બને છે.


હમીરભાઈ જણાવે છે કે સૃષ્ટિ સંસ્થા દ્વારા અમદાવાદ ખાતે દર ગુરુવાર અને રવિવારે પ્રાકૃતિક હાટનું આયોજન કરવામાં આવે છે. તેમાં વસુંધરા બ્રાન્ડની વિવિધ પ્રોડક્ટ્સ વેચાણ માટે મૂકવામાં આવે છે. આ માધ્યમથી દર મહિને અંદાજે રૂ. ૬ થી ૭ લાખનું વેચાણ થાય છે.

ખરેખર, આ મોડેલ આજના ખેડૂતો માટે વિચારવા જેવું છે. ખેતીમાં ઉત્પાદન કરવું જેટલું મહત્ત્વનું છે તેટલું જ મહત્ત્વ ઉત્પાદનનું યોગ્ય મૂલ્ય મેળવવાનું છે. જો ખેડૂતો સંગઠિત થાય, પોતાની પેદાશોનું પ્રોસેસિંગ કરે, પોતાની બ્રાન્ડ ઊભી કરે અને ગ્રાહકો સાથે સીધું જોડાણ સ્થાપે તો ખેતીને વધુ નફાકારક બનાવી શકાય છે.

ખેડૂતના હાથમાં માત્ર હળ નહીં, પરંતુ ઉત્પાદનથી લઈને માર્કેટિંગ સુધીની સમગ્ર વ્યવસ્થાની લગામ આવે ત્યારે જ સાચા અર્થમાં ખેડૂત આત્મનિર્ભર બને છે.

હમીરભાઈ સવજીભાઈ બારૈયાનું વસુંધરા ગ્રુપ આ દિશામાં એક પ્રેરણાદાયી ઉદાહરણ છે. આજે ખેતીમાં આવી પહેલોની ખૂબ જરૂર છે. કારણ કે ખેડૂત પોતાની મહેનતથી અનાજ પકવે છે, પરંતુ જ્યારે એ જ ખેડૂત પોતાની પેદાશનું મૂલ્યવર્ધન કરીને પોતાની બ્રાન્ડથી વેચાણ કરે છે ત્યારે તેની આવક, આત્મવિશ્વાસ અને સામાજિક પ્રતિષ્ઠા ત્રણેયમાં વધારો થાય છે.

આ જ છે આધુનિક ખેતીનું સાચું સ્વરૂપ અને ખેડૂતોની સમૃદ્ધિનો નવો માર્ગ. હમીરભાઈ સવજીભાઈ બારૈયા નો સંપર્ક નંબર ૯૭૨૩૪ ૪૩૬૨૩ છે.



ઝાકળનું એક બિંદુ
હિરેન હિરપરા

:: તિખારો ::

આજ સુધી અનેક વખત ભરોસાઓ તુટ્યા છે છતાં ભરોસો કરવાની આદત નથી છુટતી, કારણે કે વિશ્વાસનો ભાર કોઈ આપણા ઉપર મુકી શકે એ જ ખાનદાની છે.આ ખાનદાની દરેકના લોહીમાં હોતી નથી.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

સંજોગ ન્યૂઝ
લીલોતરી

ખેતી કાર્યો

પાયાનાં ખાતરમા રાસાયણીક ખાતર વાપરતા મિત્રોએ ખાસ એ વાતનુ ધ્યાન રાખવુ કે આ વર્ષ જમીનમા ઓછો ભેજ હોવાથી બે દિવસમા પિયત થઈ જવુ જોઈએ કારણ કે બીજનુ અંકુરણ થાય ત્યારે ખાતરમા જે નાઈટ્રોજનનો ભાગ ઓછા ભેજને કારણે બીજના અંકુરણને બાળી નાખે છે અને તેવા બીજમા ફુગ થાય છે જે ફૂગ પાછળથી ઉગી ગયેલ છોડને પણ નુકશાન કરે છે અને અમુક પાકમા સૂકારો ચાલુ થાય અને ઉગાવો નબળો આવવાની શકયતા રહે છે. માટે રાસાયણીક ખાતર વાપરતા ખેડુતોએ બે દિવસમા પિયત થઈ જાય તે મૂજબ વાવેતર કરતા રહેવુ મોટા નંબરમા એક સાથે વાવેતર કર્યુ હોય અને મોટર બળી જાય અથવા TC બળી જાય તો પિયત આપવામા મોડુ થઈ જાય તો નુકશાન ભોગવવુ પડે જંતુનાશક દવાઓનો ઉપયોગ કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતોઃ

● છંટકાવ માટે હોલોકોન નોઝલનો ઉપયોગ કરવો અને પવનની દિશામાં છોડ બરાબર ભીંજાય તે રીતે છંટકાવ કરવો.

● પંપ અને અન્ય સાધનો દવાનાં છંટકાવ પછી યોગ્ય રીતે સફાઈ કરી સંગ્રહસ્થાનમાં મૂકવા.

● દવાઓનું મિશ્રણ ન કરવું તેમજ જરૂરિયાત હોય ત્યારે બજારમાં મળતા તૈયાર દવાઓના મિશ્રણનો ઉપયોગ કરવો.

● જૈવિક કીટકનાશક સાથે ફૂગનાશક દવા ભેળવવી નહી.

● ખેતરમાં મિત્ર કીટકો હોય ત્યારે દવાનો છંટકાવ ન કરવો.

કાર્બામેટ (કાર્બોસલ્ફાન, થાયોડીકાર્બ) આ જૂથના કીટનાશક રસાયણો જીવાતનાં ચેતાતંત્રમાં જૈવ-રાસાયણિક પ્રકારે થતાં સંદેશાવહન માટે જરૂરી એવા ખાસ પ્રકારનાં અંતઃસ્ત્રાવ (એસીટાઈલ કોલીન એસ્ટ્રેઝ) ને બનતા અટકાવે છે અને આ રીતે કીટકનુ નિયંત્રણ થાય છે. આવા કીટનાશક રસાયણો એસીટાઈલ કોલીન એસ્ટ્રેઝઈન્હીબીટર્સ તરીકે ઓળખાય છે.

એરંડાઃપાનનોઅલ્ટરનેરીયા ટપકાં નો રોગ/ રોગના લક્ષણો : આ રોગ અલ્ટરનેરીયા મેકરોસ્પોરા નામના ફુગથી થાય છે.આ રોગ મોટા ભાગે પાકની પાછલી અવસ્થાએ જોવા મળે છે. સામાન્ય રીતે પાકટ પાન અને નીચેના પાન પર નાના બદામી, ગોળ કે અનિયમીત આકારમાં વધીને કેન્દ્રીયભૂત વર્તુળો વાળા ચાઠાઓ ઉત્પન્ન થાય છે. પાનની ધારને પણ ઝાળ લાગે છે. આ રોગની માત્રા વધતા પાન ખરી પડે છે. થડ, દાંડીઓ અને જીંડવા પર પણ રોગનો ઉપદ્રવ પણ જોવા મળે છે.

નિયંત્રણઃ- મેન્કોઝેબ ૦.૨ % (૧૦ લીટરમાં ૨૭ ગ્રામ)ઓગાળી મિશ્રણ ૧૫ દિવસના અંતરે ૨ થી ૩ વખત છાંટવું.

ઘઉં ● ઘઉંનાં પાનનાં સુકારાના નિયંત્રન માટે રોગની શરૂઆતમાં મેન્કો વે.પાવડર ૧૦ લિટર પાણીના ૧૫ દિવસના આંતરે બે છંટકાવ કરવા.

શિયાળુ મકાઈ : ● પાનનો સુકારો ટર્સીકમ લીફ બ્લાઈટ રોગની શરૂઆતમાં ગૌમૂત્ર ૧૦ ટકા (૧ લિટર / ૧૦ લિટર પાણી) અથવા લીમડાના પાનનો અર્ક ૧૦ ટકા (૧ લિટર / ૧૦ લિટર પાણી) નો છંટકાવ વાવણીની ૩૦, ૪૦, ૫૦ અને ૬૦ દિવસે આંતરે બે છંટકાવ કરવા.

પૂર્વા તલ : ● ગાંઠિયા માખીના નિયંત્રણ માટે મિથાઈલ-ઓ-ડીમેટોન ૧૦ મી.લી. દવા ૧૦ લીટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.

● ડુંગળીમાં થ્રીપ્સનો ઉપદ્રવ વધતો જણાય તો ફોસ્ફામીડોન ૧૦ મિ.લી.અથવા સ્પીનોસેડ ૨ મીલી૧૦ લિટર પાણીમાં મિશ્ર કરી છંટકાવો.

બટાટા ● બટાટાના કટકાનાં કોહવારાનાં નિયંત્રણ માટે બટાટા ના વાવેતર પહેલા જ્યારે બીજ તૈયાર



ડો.જી.આર. ગોહિલ, જૂનાગઢ
કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ.
ફોન : ૯૨૭૫૭૦૦૮૩૪૨

કરવામાં આવે છે એટલે કે ટુકડા કરવામાં આવે છે ત્યારે કાપેલ ટુકડાને મેન્કોઝેબ દવાની સુકી માવજત આપવી જરૂરી છે જેથી રોગપ્રેરકો ટુકડામાં દાખલ થાય નહિ અને ટુકડા કોહવાય નહિ. પ્રતિ હેકટરે એક કિલો મેન્કોઝેબ અને ૫ કિલો શંખજીરૂ મિશ્રણ કરી બટાટાના ટુકડા ઉપર ભભરાવી વાવેતર કરવાથી કટકામાં થતો કોહવારાનો રોગ અટકાવી શકાય છે.

તરબૂચઃ ● તરબૂચમાં૨૦ માઈક્રોન જાડાઈનું સીલ્વર બ્લેક કલરની પ્લાસ્ટીક મલ્ચનો ઉપયોગ કરી ૦.૬ ઈટીસી લેવલે ટપક પધ્ધતિ દ્વારા પિયત આપો.

શાકભાજીઃ ● ભીંડામાં તડતડીયા તથા ફળ અને ડુંખ કોરી ખાનાર ઈયળ માટે મેટારીઝીયમ એનીસોપ્લી ૪૦ ગ્રામ ૧૦ લીટર પાણીમાં નાખી છંટકાવ કરવો.

● ટમેટાનાં પાનનાં સુકારાનાં રોગ માટે કોપર હાઈડ્રોકસાઈડ ૭૭ વે.પા. ૨૫ ગ્રામ/૧૦ લીટર પાણીમાં નાખી ૧૦ દિવસના અંતરે ત્રણ છંટકાવ કરવા.

● **દુધી** : ગુજરાત આણંદ સંકર દુધી - ૧ નું વાવેતર કરો.

મરીમસાલાના પાકો (વરિયાળી, જીરું, ધાણા, મેથી, સુવા અને અજમો) : મોલો અને થ્રીપ્સનાં નિયંત્રણ માટે

મોલો અને થ્રીપ્સનો વધુ ઉપદ્રવ જણાય તો ડાયમિથોએટ ૩૦ ઈસી ૧૨મિ.લી. અથવા ઈમીડાકલોપ્રીડ ૧૭.૮ એસેલ ૪ મિ.લી. અથવા કાર્બેરસ્લ્ફાન ૨૫ ઈસી ૨૦ મિ.લી. અથવા ટ્રાયઝોફોસ ૪૦ ઈસી ૨૦ મિ.લી. અથવા એસીફેટ ૭૫ એસપી ૧૦ ગ્રામ ૧૦ લીટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો. જો બીજા છંટકાવની જરૂરિયાત જણાય તો કીટનાશક બદલવી. ધાણાનાં ઉગાવાના એક મહિના બાદ ટ્રાઈકોડર્મા હારજીયાનમ ૫ કિ.ગ્રા. ૧૦ કિલો રેતીમાં ભેળવી છંટકાવ કરવાથી સુકારાનું નિયંત્રણ મેળવી શકાય છે.

ધાણા : તાપમાન ૩૦ થી ૩૫ સે. હોય ત્યારે વાવેતર કરવું. સમય ૧૦ થી ૨૫ નવેમ્બર વચ્ચે વાવેતર કરવું. બિયારણનો દર ૩.૫ કિલો / વીઘા મુજબ કરવું. બે હાર વચ્ચે ૧૮ ઈંચના અંતરે વાવેતર કરવું.

જાતઃ ધાણા-૧ , ૨ અને ૩ જાત છે વધુ સારી જાત ધાણા-૩ છે. ખાતર ૩૦-૧૫-૦ તેમાં સિંગલ સુપર ફોસ્ફેટ વીઘે ૧૫ કિલો ,એમોનિયમ સલ્ફેટ વીઘે ૧૦ કિલો વાપરવું. આ ખાતર પાયામાં આપવું.તે ઉપલબ્ધ ન હોય તો ૨૦-૨૦-૦-૧૩ વીઘે ૧૫ કિલો પાયામાં આપવું.સાથે પોટાશ ૧૦ કિલો આપવું.આસાથે માઈકોરાઈજા નો પણ મૂળના વિકાસ ઉપયોગ કરો. તે ઉપરાંત જૈવિક બેક્ટેરિયા એઝોટોબેક્ટર તેમજ થાયોબેસીલાસ સલ્ફરના બેક્ટેરિયા કલ્ચર ૨.૫ વીઘે ૧-૧ લીટર નો ઉપયોગ કરવો. પાયા ખાતરમા રાસાયણીક ખાતર વાપરતા મિત્રોએ ખાસ એ વાતનુ ધ્યાન રાખવુ કે આ વર્ષ જમીનમા પુષકળ ભેજ હોવાથી બે દિવસમા પિયત થઈ જવુ જોઈએ કારણ કે બીજનુ અંકુરણ થાય ત્યારે ખાતરમા જે નાઈટ્રોજનનો ભાગ ઓછા ભેજને કારણે બીજના અંકુરણને બાળી નાખે છે અને તેવા બીજમા ફુગ થાય છે જે ફૂગ પાછળથી ઉગી ગયેલ છોડને પણ નુકશાન કરે છે અને અમુક પાકમા સૂકારો ચાલુ થાય અને ઉગાવો નબળો આવવાની શકયતા રહે છે. માટે રાસાયણીક ખાતર વાપરતા ખેડુતોએ બે દિવસમા પિયત થઈ જાય તે મૂજબ વાવેતર કરતા રહેવુ.

ચણાઃ સુકારોનાં જૈવિક નિયંત્રણ માટે ટ્રાઈકોડર્મા નામની ફૂગ વાવણી સમયે ચાસમાં પુરતો ભેજ હોય ત્યારે ૨ થી ૨.૫ કિ./હે. ૩૦૦ કિલો સેન્દ્રીય ખાતર કે દિવેલીના ખોળમાં મિશ્ર કરી આપવાથી રોગની માત્રા ઘટાડી શકાય છે.

● ચણામાં સ્ટંટ વાયરસ રોગ મોલોમશી મારફતે ફેલાતો હોવાથી તેના નિયંત્રણ માટે શોષક પ્રકારની કીટનાશક જેવી કે ડાયમીથોએટ ૧૦ મિ.લી. ૧૦ લીટર પાણીમાં ભેળવી જરુરીયાત મુજબ છંટકાવ કરવો.

● **લસણ :**વાવણી બાદ એક માસે હેકટર દીઠ ૨૫ કિલોગ્રામ નાઈટ્રોજન તત્વ એટલે કે ૫૪ કિલોગ્રામ યુરીયા અથવા ૧૨૫ કિલોગ્રામ એમોનિયમ સલ્ફેટ ખાતર આપવું. ● ડુંગળી અને લસણમાં થ્રીપ્સનાં નિયંત્રણ માટે લસણ રોપતી વખતે ચાસમાં કાર્બોફયુરાન ૩ જી ૩૩ કિગ્રા / હે પ્રમાણે આપવું .વધુ ઉપદ્રવ વખતે ડાયમિથોએટ ૩૦ ઈસી ૧૦ મિ.લી. અથવા લેમ્ડા સાયહેલોથ્રીન ૫ ઈસી ૫ મિ.લી. ૧૦ લીટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો. ● સીતાફળમાં મિલીબગનાં નિયંત્રણ માટે ખરી ગયેલ પાન તથા ફાળો વિલી તેનો નાશ કરવો તેમજ સુકાઈ ગયેલ ડાળીઓ કાપીને બાળી દેવી.ઝાડની ફરતે તથા લાકડાના ટેકા ઉપર જમીનથી એક ફુટની ઊંચાઈએ પોલીથીલીન પહોળો પટ્ટો લગાવી તેની ઉપર તથા નીચેની ઘારે ગ્રીસ લગાડવું. ઉપદ્રવની શરૂઆતમાં લીમડાની લીંબોળીના મીંજનો ભૂકોનો છંટકાવ કરવો.

નાળીયેરીઃ ●નાળીયેરીના ફળ કાળા પડી અને ખરી જાય છે તે માટે આ પાનકથીરી નામની જીવાતની અસરને લીધે થાય છે. લીમડા આધારીત દવાનું મુળ શોષણ પધ્ધતિ ધ્વારા ૨ માસ અંતરે ૨ કે ૩ વાર આપવાથી થઈ શકે છે. ● નાના ફળ ખરી પડવાના કારણોમાં ઝાડને સારૂ પોષણ મહત્વની બાબત હોવાથી ભલામણ પ્રમાણે ઝાડદીઠ ૧ કિલો એમોનિયમ સલ્ફેટ,૧ કિલો સુપર ફોસ્ફેટ તથા ૧.૨૫૦ કિલો મ્યુરેટ ઓફ પોટાશ જુન-જુલાઈમાં અને તેટલોજ બીજો હપ્તો સપ્ટેમ્બર-ઓકટોબરમાં આપવો.

આંબોઃ આંબો ઓક્ટોબર કે નવેમ્બર માસમાં પોટેશિયમ નાઈટ્રેટ ૨ ટકાના દ્રાવણના બે છંટકાવ કરવા, પપૈયા : તાઈવાન હાઈબ્રીડ જાતમાં નર અને માદા એક જ ફુલમાં હોવાથી એક ખાડામાં એક છોડનું વાવેતર કરવું.

ચીકુઃ ● ચોમાસા પછી ચીકુમાં સુકારો રોગ આવે છે. તેના નિયંત્રણ માટે પ્રથમ તો ચીકુવાડીયામાં ડાંગર જેવા પાક લેવો જોઈએ નહી. ચોમાસામાં પાણી પાણી ભરવા દેવું નહી. નિતારની વ્યવસ્થા કરવી. ઝાડ ફરતે . ચીકુવાડીયામાં સેન્દ્રિય ખાતરો સાથે ટ્રાયકોડર્મા મિશ્ર કરી રીંગ બનાવી જમીનમાં આપી જૈવિક નિયંત્રણ પણ કરી શકાય છે.

દાડમ : દાડમના પાકમાં વરસાદ પૂર્ણ થયાના ૪૫ દિવસ બાદ ડાળીની ટોંચ પરથી ૩૦ સેમી સુધી છટણી કરવાથી અને ચોખ્ખો નફો મળે છે. ● દાડમમાં ગંઠવા કૃમિના નિયંત્રણ માટે પેસીલોમાયસીસ લિલાસીનસ ૨૦ કિલો/હે. + દિવેલીનો ખોળ ૨ ટન/હે. ચોમાસાની શરૂઆતમાં અને ત્યારબાદ દર ૬ મહિનાના અંતરે થડથી ૧૨ થી ૧૮ ઈંચ દુર તથા આશરે ૯ ઈંચ રીંગ કરી જમીનમાં મૂળ નજીક આપવું. દાડમના પાકમાં વરસાદ પૂર્ણ થયાના ૪૫ દિવસ બાદ ડાળીની ટોંચ પરથી ૩૦ સેમી સુધી છટણી કરવાથી અને ચોખ્ખો નફો મળે છે.

સીતાફળ : ● મિલીબગનાં નિયંત્રણ માટે ખરી ગયેલ પાન તથા ફાળો વિલી તેનો નાશ કરવો તેમજ સુકાઈ ગયેલ ડાળીઓ કાપીને બાળી દેવી.ઝાડની ફરતે તથા લાકડાના ટેકા ઉપર જમીનથી એક ફુટની ઊંચાઈએ પોલીથીલીન પહોળો પટ્ટો લગાવી તેની ઉપર તથા નીચેની ઘારે ગ્રીસ લગાડવું. ઉપદ્રવની શરૂઆતમાં લીમડાની લીંબોળીના મીંજનો ભૂકોનો છંટકાવ કરવો.

કેળ : ● મધ્ય ગુજરાતનાં ખેડૂતોએ ગ્રાન્ડ નેઈન કેળનું વાવેતર કરવું.● કેળની રોપણીના ખાડા દીઠ ૧૦ કિગ્રા છાણીયુ ખાતર આપવું.

● રોપણી પછી ત્રીજા મહીને મ્યુરેટ ઓફ પોટાશ,સિંગલ સુપર ફોસ્ફેટ ખાતરના ત્રણ સરખા ભાગમાં આપવું અને ફોસ્ફેટ પોટાશ જમીનમાં અને પાંચમાં મહીને ફર્ટીગેશન ધ્વારા નાઈટ્રોજન ખાતર આપવું.

જામફળ :

● ફળ માખીના નિયંત્રણ માટે ૫૦ લીટર પાણીમાં મેલાથીઓન ૫૦% ઈસી ૧૦ મીલી અને ૪૦૦ ગ્રામ ગોળ ભેળવી સાંજના સમયે છંટકાવ કરવો.

જામફળ :ફળ માખીના નિયંત્રણ માટે ૫૦ લીટર પાણીમાં મેલાથીઓન ૫૦% ઈસી ૧૦ મીલી અને ૪૦૦ ગ્રામ ગોળ ભેળવી સાંજના સમયે છંટકાવ કરવો.

કેળ : ● કેળની રોપણીના ખાડા દીઠ ૧૦ કિગ્રા છાણીયુ ખાતર આપવું.





ચણાની જાતો અને વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ



● પાક સંરક્ષણ

રોગો અને તેનું નિયંત્રણ ચણાનો સૂકારો (વીલ્ટ): લક્ષણોઃ જમીનમાં રહેલી ફૂગથી અને રોગિષ્ટ બીજના ચેપથી આ રોગ ફેલાય છે. પાકની શરૂઆતમાં કે પાછલી અવસ્થાએ છોડ ઊભા સૂકાય છે. થડ ચીરતાં ઊભી કથ્થાઈ રંગની લીટીઓ જોવા મળે છે.

નિયંત્રણઃ રોગ પ્રતિકારક જાતો જેવી કે ગુજરાત ચણા-૫, ગુજરાત જૂનાગઢ ચણા-૬, ગુજરાત ચણા-૭ અને ગુજરાત ચણા-૮નું બિયારણ વાવવું. વાવતા પહેલાં ફૂગનાશક દવાનો પટ આપવો. દર વખતે એક જ જગ્યાએ ચણા ન વાવવા. જૈવિક નિયંત્રણ માટે ટ્રાઈકોડમા હાર્જીયાનામ ૨.૫ કિ.ગ્રા., ૨૫૦ કિ.ગ્રા. એરંડીના ખોળ અથવા છાણીયા ખાતરમાં ભેળવી વાવેતર વખતે ચાસમાં આપવું.

ચણાનો સ્ટન્ટ રોગઃ લક્ષણોઃ પાન ભૂખરા ત્રાંબાવર્ણના અને જાડા થાય છે. ડાળીઓ અને છોડ ટૂંકા થઈ જાય છે. ફાલ બેસતો નથી કે ઓછો બેસે છે. પાન અને થડ બરડ થઈને જાડા થઈ જાય છે. છોડ નબળો પડવાથી સૂકારાનો ભોગ બની જાય છે.

નિયંત્રણઃ આ રોગ વાયરસથી થાય અને મોલો મશીથી ફેલાય છે. મશીના નિયંત્રણ માટે શોષક પ્રકારની દવા ઈમીડાક્લોપ્રીડ ૧૦ મિ.લિ. અથવા ડાયમિથોએટ ૧૦ મિ.લિ. ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.

જીવાત અને તેનું સંકલિત નિયંત્રણ ચણાની હેલિયોથીસ (લીલી ઈયળ): લક્ષણોઃ ચણામાં મુખ્યત્વે લીલી ઈયળનો ઉપદ્રવ જોવા મળે છે, જે પાન, કૂણી કૂપણો અને પોપટા કોરી ખાય છે.

નિયંત્રણઃ પ્રોફેનોફોસ ૨૦ મિ.લિ. અથવા ક્લોરાન્ટ્રાનિલીપ્રોલ ૧.૫ મિ.લિ. અથવા ઈમામેક્ટીન બેન્ઝોએટ ૨ ગ્રામ દવા ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો. પ્રથમ છંટકાવ પાકની ૫૦% ફૂલ અવસ્થાએ અને બીજો છંટકાવ પ્રથમ છંટકાવના ૧૫ દિવસ બાદ કરવો. હેક્ટરે ૬ ફેરોમોન ટ્રેપ મૂકવા. લીંબોળીના મીંજનો પાવડર (૫% અર્ક), બેસીલસ થુરેન્જીનેસીસ (બી.ટી.) ૧ કિ.ગ્રા./હે. અથવા હેક્ટરે એન.પી.વી. ૨૫૦ રોગિષ્ટ ઈયળોના દ્રાવણનો છંટકાવ કરવો.

કાપણીઃ પરિપક્વતા સમયે ચણાના પોપટા પીળા પડી જાય છે અને પાંદડી સુકાઈ જાય છે. આ વખતે ચણાની કાપણી શક્ય હોય તો સવારના સમયે કરવી. કાપણી કરેલ પાથરા ખળામાં સુકવવા. પાથરા બરાબર સુકાઈ જાય ત્યારે ટ્રેક્ટર કે બળદથી મસળવા અથવા થ્રેશરથી દાણા છૂટા પાડવા.

મિલન જી. નંદાણીયા, ડી. એન. હડિયા,
ડો. વૈશાલી વી. બીરારી અને ડો. પી. એન. રાઠવા,
અસ્પી કૃષિ મહાવિદ્યાલય, જૂ. કૃ. યુ. ખાપટ- પોરબંદર

● **ચણાની વિવિધ જાતો અને તેના ગુણધર્મો :** ગુજરાતમાં વાવેતર કરવામાં આવતી દેશી અને કાબુલી ચણાની મુખ્ય જાતો અને તેના લક્ષણોની વિગતવાર માહિતી નીચે મુજબ છેઃ **૧. દેશી ચણાઃ** જીજેજી-૩ (GJG-3) આ જાત વર્ષ ૨૦૦૮ માં જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી બહાર પાડવામાં આવી હતી. તે ખાસ કરીને બિનપિયત વિસ્તાર માટે અનુકૂળ છે. આ પાકને પાકતા ૯૮ થી ૧૦૦ દિવસનો સમય લાગે છે અને છોડની ઊંચાઈ ૩૫ થી ૪૦ સે.મી. હોય છે. તેમાં ૧૦૦ પોપટાની સંખ્યા ૩૫ થી ૪૦ તથા ૧૦૦ દાણાનું વજન ૨૨ થી ૨૪ ગ્રામ હોય છે. દાણાનો રંગ પીળો હોય છે અને બિનપિયત પરિસ્થિતિમાં હેક્ટર દીઠ ૧૫૦૦ થી ૧૮૦૦ કિ.ગ્રા. ઉત્પાદન આપે છે.

૨. દેશી ચણાઃ જીજી-૫ (GG-5): વર્ષ ૨૦૧૪ માં જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા બહાર પાડવામાં આવેલ આ જાત પિયત કાપિંગ સિસ્ટમ માટે શ્રેષ્ઠ છે. તેના પાકવાના દિવસો ૧૦૦ થી ૧૦૩ છે અને છોડની ઊંચાઈ ૪૮ થી ૫૨ સે.મી. જેટલી વધે છે. ૧૦૦ પોપટાની સંખ્યા ૫૦ થી ૫૬ અને ૧૦૦ દાણાનું વજન ૨૦ થી ૨૨ ગ્રામ થાય છે. દાણાનો રંગ કથ્થાઈ હોય છે. આ જાત પિયતમાં હેક્ટર દીઠ ૨૫૦૦ થી ૨૭૦૦ કિ.ગ્રા. નું ઊંચું ઉત્પાદન આપે છે. **૩. દેશી ચણાઃ SsuS-6 (GJG-6)**

વર્ષ ૨૦૧૫ માં જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા તૈયાર કરાયેલી આ બિનપિયત જાત પાકવા માટે ૧૧૦ થી ૧૧૨ દિવસ લે છે. છોડની ઊંચાઈ ૪૫ થી ૫૦ સે.મી. હોય છે, જ્યારે ૧૦૦ પોપટાની સંખ્યા ૩૫ થી ૪૦ અને ૧૦૦ દાણાનું વજન ૨૧ થી ૨૩ ગ્રામ નોંધાય છે. દાણા ઘાટા કથ્થાઈ રંગના હોય છે. બિનપિયત સ્થિતિમાં આ જાત હેક્ટર દીઠ ૧૮૦૦ થી ૨૦૦૦ કિ.ગ્રા. ઉત્પાદન આપે છે. ૪. દેશી **ચણાઃ SS-7 (GG-7)** આ જાત વર્ષ ૨૦૨૧ માં જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા બહાર પાડવામાં આવી હતી, જે બિનપિયત વાવેતર માટે યોગ્ય છે. તેને પાકતા ૯૦ થી ૧૧૨ દિવસ લાગે છે. છોડની ઊંચાઈ ૩૭ થી ૪૦ સે.મી. રહે છે. ૧૦૦ પોપટાની સંખ્યા ૨૪ થી ૪૯ અને ૧૦૦ દાણાનું વજન ૨૪.૭ થી ૩૦.૭ ગ્રામ હોય છે. દાણાનો રંગ પીળાશ પડતો આછો કથ્થાઈ હોય છે. આ જાતનું ઉત્પાદન હેક્ટર દીઠ ૧૮૦૦ થી ૨૪૦૦ કિ.ગ્રા. (બિનપિયત) રહે છે. ૫. **દેશી ચણાઃ SS-8 (GG-8)**

હાલમાં વર્ષ ૨૦૨૩ માં જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા બહાર પાડેલી આ નવીનતમ જાત પિયત અને બિનપિયત બંને સ્થિતિ માટે અનુકૂળ છે. તેને પાકતા ૯૫ થી ૧૧૭ દિવસ થાય છે. છોડની ઊંચાઈ ૪૬ થી ૭૯ સે.મી. જેટલી સારી એવી હોય છે. ૧૦૦ પોપટાની સંખ્યા ૩૩ થી ૧૧૩ અને ૧૦૦ દાણાનું વજન ૧૭.૭ થી ૨૩.૧ ગ્રામ રહે છે. દાણા આછા કથ્થાઈ રંગના હોય છે. ઉત્પાદનની દ્રષ્ટિએ તે પિયતમાં ૨૯૧૫ કિ.ગ્રા./હેક્ટર અને બિનપિયતમાં ૨૦૧૭ કિ.ગ્રા./હેક્ટર ઉત્પાદન આપે છે. ૬. કાબુલી ચણાઃ **SfuS-1 (GKG-1)**

વર્ષ ૨૦૨૧ માં જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા બહાર પાડવામાં આવેલી કાબુલી ચણાની આ જાત પિયત અને બિનપિયત બંને માટે ઉપાયોગી છે. તેને પાકતા ૯૩ થી ૧૧૭ દિવસ લાગે છે અને છોડની ઊંચાઈ ૪૦ થી ૪૯ સે.મી. રહે છે. તેમાં ૧૦૦ પોપટાની સંખ્યા ૧૭ થી ૭૦ તથા ૧૦૦ દાણાનું વજન ૪૦.૭ થી ૪૮.૮ ગ્રામ (મોટા દાણા) હોય છે. દાણાનો રંગ ચમકદાર સફેદ હોય છે. આ જાત પિયતમાં ૨૦૦૦ થી ૨૫૦૦ કિ.ગ્રા./હેક્ટર અને બિનપિયતમાં ૧૨૦૦ થી ૧૪૦૦ કિ.ગ્રા./હેક્ટર ઉત્પાદન આપે છે.

૭. કાબુલી ચણાઃ SfuS-2 (GKG-2): વર્ષ ૨૦૨૩ ની આ નવી કાબુલી જાત ખાસ પિયત વિસ્તાર માટે છે. પાકવાના દિવસો ૧૦૨ થી ૧૧૮ છે અને છોડ ૫૧ થી ૭૯ સે.મી. જેટલા ઊંચા થાય છે. ૧૦૦ પોપટાની સંખ્યા ૨૯ થી ૭૧ અને ૧૦૦ દાણાનું વજન ૩૧.૩ થી ૪૨.૭ ગ્રામ નોંધાય છે. દાણાનો રંગ સફેદ હોય છે. તે પિયત પરિસ્થિતિમાં હેક્ટર દીઠ ૨૧૦૦ થી ૨૫૦૦ કિ.ગ્રા. ઉત્પાદન ક્ષમતા ધરાવે છે.

૧૧ વર્ષની અખંડ સાધનાઃ બાબરાના સુખપર ગામના ખેડૂત વનરાજભાઈ ઝાપડિયાએ પ્રાકૃતિક ખેતી પધ્ધતિ અપનાવીને કમાલ કરી

ધર્મેશ વાળા

અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના સુખપર ગામના પ્રગતિશીલ ખેડૂત વનરાજભાઈ છગનભાઈ ઝાપડિયા સમગ્ર ગુજરાતના ખેડૂતો માટે એક ઝળહળતું પ્રેરણાસ્ત્રોત બન્યા છે. આજના સમયમાં જ્યારે રાસાયણિક ખાતરો અને ઝેરી દવાઓના ગંભીર નુકસાન સામે આવી રહ્યા છે, ત્યારે વનરાજભાઈએ છેલ્લા ૧૧ વર્ષથી પોતાની ૩૦ વીઘા જમીનમાં સંપૂર્ણ ગાય આધારિત પ્રાકૃતિક ખેતી અપનાવીને પૃથ્વી માતાની સેવાની સાથે ઝેરમુક્ત પાક પકવવાની અનોખી સિદ્ધિ હાસલ કરી છે.

તેમણે પોતાની જમીનમાં કૃષિ પાકોનું અદભુત અને વૈજ્ઞાનિક આયોજન કર્યું છે, જેમાં ૧૦ વીઘામાં મગફળી, ૫ વીઘામાં લીંબુ, ૪ વીઘામાં કપાસ અને મરચી તેમજ અડધા-અડધા વીઘામાં હળદર અને મગનું મબલખ ઉત્પાદન મેળવી રહ્યા છે. ખાસ કરીને મરચી જેવા સંવેદનશીલ પાકમાં, જ્યાં સામાન્ય રીતે રોગ-જીવાતનું પ્રમાણ ખૂબ વધારે હોય છે, ત્યાં પણ કોઈપણ જાતની રાસાયણિક દવાના છંટકાવ વિના લહેરાતો તેમનો તંદુરસ્ત પાક જોનારાઓ માટે આશ્ચર્યનો વિષય બન્યો છે. શુધ્ધતા, સ્વાદ અને ગુણવત્તામાં શ્રેષ્ઠ એવા આ પાકનું વનરાજભાઈ પોતે જ સીધું વેચાણ કરીને વચેટિયાઓ મુક્ત બજાર વ્યવસ્થા દ્વારા ઉચ્ચ આર્થિક નફો પણ મેળવી રહ્યા છે.

આ પ્રાકૃતિક અભિયાનને વધુ સઘન અને આત્મનિર્ભર બનાવવા માટે વનરાજભાઈ ૧૦ ગાયોનું ગૌપાલન કરે છે. કૃષિ અને પશુપાલનનો ઉત્તમ સમન્વય કરીને તેમણે પોતાના ઘરે જ વર્મીકમ્પોસ્ટ (અળસિયાનું ખાતર) યુનિટ અને બાયોગેસ પ્લાન્ટ સ્થાપ્યા છે, જેનાથી ખેતી માટેનું અમૃત સમાન શુધ્ધ ખાતર તેમને ઘરઆંગણે જ મળી રહે છે.

વનરાજભાઈની સૌથી પ્રશંસનીય અને સેવાકીય બાબત એ છે કે તેઓ માત્ર પોતાની પ્રગતિ પૂરતા સીમિત નથી રહ્યા, પરંતુ તેમની કોઠાસૂઝ, સામાજિક વિચારસરણી અને સક્રિય માર્ગદર્શનથી આજે સુખપર ગામના આશરે ૧૫૦ જેટલા ઘરોમાં બાયોગેસ પ્લાન્ટ ધમધમતા થયા છે.

પશુપાલન અને પ્રાકૃતિક ખેતીના આ સામૂહિક સમન્વયથી આખું ગામ આર્થિક અને પર્યાવરણીય રીતે સમૃધ્ધ થઈ રહ્યું છે. પોતાની મહેનતથી ધરતીને નંદનવન બનાવનાર વનરાજભાઈએ સાબિત કરી બતાવ્યું છે કે, જો મક્કમ નિર્ધાર હોય તો પ્રાકૃતિક ખેતીથી ખેડૂત પણ આર્થિક રીતે સધ્ધર બને છે અને સમાજને પણ રોગમુક્ત, સુધામય આહાર પૂરો પાડી શકાય છે.

૭ વર્ષ બાદ ભારતે ન્યૂઝીલેન્ડની ધરતી પર વન-ડે શ્રેણી પોતાના નામે કરી

નવી દિલ્હી,તા.૧૫



ભારતીય ક્રિકેટ ટીમે સાત વર્ષના લાંબા સમયગાળા બાદ ન્યૂઝીલેન્ડની ધરતી પર વન-ડે શ્રેણી પોતાના નામે કરી છે. પાંચ મેચની શ્રેણીની અંતિમ અને નિર્ણાયક મેચમાં ભારતે ન્યૂઝીલેન્ડને ૨૨ રનથી હરાવી ઐતિહાસિક જીત મેળવી હતી. ભારતે છેલ્લે વર્ષ ૨૦૧૯માં ન્યૂઝીલેન્ડને તેની જ ધરતી પર ૪-૧થી હરાવી શ્રેણી જીતી હતી.માઉન્ટ માઉંગાનુઈ ખાતે રમાયેલી મેચમાં ટોસ હાર્યા બાદ પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી ભારતીય ટીમ ૪૨.૧ ઓવરમાં ૨૦૯ રન બનાવી ઓલઆઉટ થઈ હતી. ભારત તરફથી અક્ષર પટેલ અને ઈશાન કિશને ૪૬-૪૬ રન બનાવી મહત્વનું યોગદાન આપ્યું હતું.જવાબમાં ૨૧૦ રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ન્યૂઝીલેન્ડની ટીમ ભારતીય બોલરો સામે ટકી શકી નહોતી અને ૪૮.૧ ઓવરમાં ૧૮૭ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. ભારતના ઝડપી બોલરોએ શાનદાર પ્રદર્શન કરતાં કુલ સાત વિકેટ ઝડપી હતી.અર્શદીપ સિંહે ત્રણ વિકેટ ઝડપી હતી, જ્યારે મોહમ્મદ સિરાજ અને આકિબ નબીને બે-બે વિકેટ મળી હતી. યશ ઠાકુરે એક વિકેટ ઝડપી હતી. સ્પિનર અક્ષર પટેલે પણ બે વિકેટ લઈને ભારતની જીતમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. આમ, ભારતીય ટીમે બોલિંગના દમ પર શ્રેણી જીતવાની સિદ્ધિ મેળવી હતી.

મહાદેવ ઓનલાઈન સટ્ટાકાંડમાં CBIના દેશભરમાં ૩૩ સ્થળે દરોડા

અમદાવાદ, વડોદરા અને સુરતમાંથી ડિજિટલ ઉપકરણો, મોબાઈલ અને મહત્વના દસ્તાવેજો જપ્ત

અમદાવાદ,તા.૧૫



મહાદેવ ઓનલાઈન બુક એપના ગેરકાયદે સટ્ટાબાજીના નેટવર્ક સામે સીબીઆઈએ મોટી કાર્યવાહી હાથ ધરી છે. છેલ્લા કેટલાક દિવસોમાં ગુજરાત સહિત છ રાજ્યોમાં એકસાથે ૩૩ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા. ગુજરાતમાં અમદાવાદ, વડોદરા અને સુરતનો પણ સમાવેશ થાય છે. આ કાર્યવાહી મુખ્ય આરોપી અને પ્લેટફોર્મના પ્રમોટર સૌરભ ચંદ્રાકરને ઓમાનથી ભારત લાવ્યા બાદ તેની પૂછપરછમાં મળેલી માહિતીના આધારે કરવામાં આવી હતી. દરોડા દરમિયાન અનેક સ્થળોએ સટ્ટાબાજીની સક્રિય પેનલો કાર્યરત મળી આવી હતી, જેને બંધ કરાવવામાં આવી છે. તપાસમાં મોબાઈલ ફોન, ડિજિટલ ઉપકરણો અને મહત્વના દસ્તાવેજો જપ્ત કરાયા છે. આ પુરાવાઓના આધારે અન્ય વ્યક્તિઓનાં નામે ખોલવામાં આવેલા બેંક ખાતાઓ અને હવાલા નેટવર્ક મારફતે નાણાંની હેરફેર થતી હોવાની વિગતો સામે આવી છે.ઉલ્લેખનીય છે કે, સીબીઆઈએ ૧ નવેમ્બરે સૌરભ ચંદ્રાકરને ઓમાનથી ભારત લાવી તેની ધરપકડ કરી હતી. રાયપુરની વિશેષ અદાલતે તેને આઠ દિવસના પોલીસ રિમાન્ડ પર સોંપ્યો હતો. પૂછપરછમાં સટ્ટાબાજીના નેટવર્ક અને દેશભરમાં ફેલાયેલા પેનલ સંચાલકો અંગે મહત્વપૂર્ણ વિગતો બહાર આવી છે.

બાબરામાં પરપ્રાંતીય પરિણીતાનું પેટમાં અસહ્ય દુ:ખાવા બાદ સારવાર દરમિયાન થયું મોત

બાબરા અને અમરેલી બાદ વધુ સારવાર અર્થે રાજકોટમાં સારવાર દરમિયાન દમ તોડ્યો

અમરેલી,તા.૧૫

બાબરા સ્થિત ચમારડી રોડ પર આવેલી હાઇનસ કોટન મીલમાં રહેતા મૂળ ઉત્તર પ્રદેશના આઝમગઢ જિલ્લાના ચંદાબેન સુદામાભાઈ ચૌહાણ (ઉ.વ.૩૧)ને તા. ૧૩/૧૧/૨૦૨૬ના રોજ સાંજે ૬:૦૦ વાગ્યે પેટમાં અસહ્ય દુ:ખાવો ઉપડ્યો હતો. તેમને તાત્કાલિક સારવાર માટે પ્રથમ બાબરાની ખાનગી હોસ્પિટલ અને ત્યારબાદ અમરેલી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. વધુ સારવારની જરૂર જણાતા તેમને રાજકોટ રિફર કરવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું કરુણ મોત નીપજ્યું હતું. આ બનાવ અંગે બાબરા પોલીસ સ્ટેશનમાં ગૂનો નોંધી હેડ કોન્સ્ટેબલ શીવાભાઈ કે. મકવાણાએ વધુ તપાસ હાથ ધરી છે.

ધારીના નાના સમઢીયાળામાં પંચાયત ભવનનું લોકાર્પણ, સરદાર પટેલની પ્રતિમાનું અનાવરણ

રાજ્ય મંત્રી કૌશિકભાઈ વેકરિયા,જે.વી. કાકડિયા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા

અમરેલી,તા.૧૫



ધારી તાલુકાના નાના સમઢીયાળા ગામે નવનિર્મિત પંચાયત ભવનનું લોકાર્પણ તથા ભારતના લોખંડી પુરુષ અને ભારત રત્ન સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાનું અનાવરણ રાજ્યકક્ષાના મંત્રી કૌશિકભાઈ વેકરિયાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારી-બગસરા-ખાંભાના ધારાસભ્ય જે.વી. કાકડિયા, પ્રદેશ કિસાન મોરચાના પ્રમુખ હિરેનભાઈ હિરપરા, અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, જિલ્લા પંચાયત ઉપપ્રમુખ મહાવીરબાપુ, સભ્ય આશિષભાઈ અકબરી, તાલુકા પંચાયત ઉપપ્રમુખ વનરાજભાઈ વાળા, સભ્ય બાબાભાઈ વાળા અને ગામના સરપંચ નરેશભાઈ કાથરોટિયા સહિતના આગેવાનો તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. પંચાયત ભવનનું લોકાર્પણ અને સરદાર પટેલની પ્રતિમાનું અનાવરણ ગામ માટે ગૌરવની ક્ષણ બની રહ્યું હતું.

સા.કુંડલામાં જલારામ બાપાની જન્મજયંતિની ઉજવણી કરાશે

સાવરકુંડલા,તા.૧૫

સેવાભાવ અને માનવતાના પ્રતીક જલારામ બાપાની ૨૨૭મી જન્મજયંતિ નિમિત્તે સાવરકુંડલામાં તા. ૧૬ નવેમ્બરના રોજ ભવ્ય ઉજવણી યોજાશે.

જલારામ સત્સંગ મંડળ અને લોહાણા મહાજન ટ્રસ્ટ દ્વારા વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરાયું છે. સવારે ૫:૩૦ કલાકે મંગળા આરતી, ૭ વાગ્યે પૂજન, ૮ વાગ્યે ધ્વજારોહણ અને ૯ વાગ્યે શોભાયાત્રા યોજાશે. બપોરે રાજભોગ આરતી તથા સંત ભોજન અને સાંજે અન્નકૂટ દર્શન યોજાશે. રાત્રે સંતવાણીનું આયોજન છે. લોહાણા મહાજન વાડી ખાતે બપોરે અને સાંજે રઘુવંશી સમાજના પરિવારો માટે સમૂહ ભોજન પ્રસાદનું પણ આયોજન કરાયું છે. આયોજકોએ ભાવિકોને ઉપસ્થિત રહેવા આમંત્રણ આપ્યું છે.

ઉનાના દેલવાડામાં ૨૫ કરોડનું કથિત કૌભાંડ: 'બંટી-બબલી' સામે કાર્યવાહી માટે પોલીસ સ્ટેશનનો ઘેરાવ

ઉના,તા.૧૫



ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના દેલવાડા ગામે અંદાજે રૂ.૨૦ થી ૨૫ કરોડના કથિત નાણાકીય કૌભાંડમાં આરોપી 'બંટી-બબલી' સામે કડક કાર્યવાહીની માંગ સાથે ઉના પોલીસ સ્ટેશનનો ઘેરાવ કરવામાં આવ્યો છે. સહકારી બેંકના સંચાલકો મનીષાબેન પંડ્યા ઉર્ફે બબલી અને દિનેશ રાઠોડ ઉર્ફે બંટી પર ઉના, દેલવાડા, નવાબંદર અને ધોધલાના ખાતાધારકોના બેંક તથા પોસ્ટ ઓફિસના કરોડો રૂપિયા ગેરરીતિથી ઉપાડી ફરાર થઈ જવાનો આક્ષેપ છે. મહેનતના નાણાં પરત ન મળતાં નગરપાલિકા સભ્ય રાજલ બારોટ અને અલ્પેશ બાંભણિયાની આગેવાનીમાં મહિલાઓ સહિત મોટી સંખ્યામાં ભોગ બનનારાઓએ પ્રથમ પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવ્યું હતું અને ત્યારબાદ પોલીસ સ્ટેશન પહોંચી આરોપીઓની તાત્કાલિક ધરપકડ તથા મિલકત જપ્તીની માંગ કરી હતી. હાલ પોલીસે બંટી-બબલી સહિત અન્ય સંડોવાયેલા શખ્સો સામે ગુનો નોંધવાની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

કોડીનારમાં સેવાકીય સંસ્થાની એમ્બ્યુલન્સમાં અજાણ્યા શખ્સોની તોડફોડ, પોલીસ ફરિયાદ નોંધાતા તપાસ શરૂ

કોડીનાર,તા.૧૫



કોડીનાર શહેરમાં છેલ્લા ૪૦ વર્ષથી સેવાકીય પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલી ગુરુનાનક સેવા મંડળ અને હરિઓમ સેવા મંડળની એમ્બ્યુલન્સમાં અજાણ્યા શખસો દ્વારા તોડફોડ કરવામાં આવતા ચકચાર મચી ગઈ છે. આ ઘટના અંગે રમેશભાઈ બજાજે પોલીસ ફરિયાદ નોંધાવતા કોડીનાર પોલીસે તોડફોડ કરનાર અજાણ્યા શખસોની શોધખોળ હાથ ધરીને વધુ તપાસ શરૂ કરી છે.મળતી માહિતી મુજબ, અજાણ્યા શખસોએ સેવાકીય સંસ્થાની એમ્બ્યુલન્સને નિશાન બનાવી તેના કાચ, દરવાજા તેમજ સીટોમાં તોડફોડ કરી હતી. એટલું જ નહીં, અગાઉ અંતિમ રથનો મુગટ પણ તોડી નાખવામાં આવ્યો હોવાનું સામે આવ્યું છે. ઉલ્લેખનીય છે કે આ બંને સંસ્થાઓ દ્વારા નિઃશુલ્ક એમ્બ્યુલન્સ સેવા, બિનવારસી મૃતદેહોની અંતિમવિધિ સહિતની અનેક સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. આ ઘટનાને પગલે સેવાકીય સંસ્થાઓ સાથે જોડાયેલા લોકોમાં રોષની લાગણી ફેલાઈ છે, જ્યારે પોલીસે ફરિયાદના આધારે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

રાજુલા હાઈવે પર રિક્ષા ચાલકે અચાનક બ્રેક મારતા એસ.ટી. બસનો અકસ્માત

રિક્ષામાં બેઠેલા મુસાફરોને નાની-મોટી ઈજાઓ પહોંચી

અમરેલી,તા.૧૫

રાજુલા-ઉના નેશનલ હાઈવે પર હિંડોરણા ગામ નજીક રિક્ષા ચાલકની બેદરકારીના કારણે એસ.ટી. બસ અને રિક્ષા વચ્ચે અકસ્માત સર્જાતા મુસાફરોને નાની-મોટી ઈજાઓ પહોંચી છે.તા. ૧૪ નવેમ્બર ૨૦૨૬ ના રોજ બપોરે આશરે સાડા ત્રણ વાગ્યાના અરસામાં એસ.ટી. ડ્રાઈવર વિપુલભાઈ ભુપતભાઈ વડેચા (રહે. કાળેલા, તા. મહુવા) પોતાની એસ.ટી. બસ (રજી. નં. GJ-૧૮-ZT-૨૪૮૦) લઈને રાજુલાથી ઉના તરફ જઈ રહ્યા હતા. હિંડોરણા ગામથી આગળ ધાતરવાડીના પુલ બાદ ટાટા વર્કશોપ પહેલા બસ નેશનલ હાઈવે પર આગળ જઈ રહેલી રિક્ષા (રજી. નં. GJ-૦૬-BW-૬૧૮૩) ના ચાલક લક્ષ્મણભાઈ માણંદભાઈ વિઝુડા (રહે. ઝાંઝરડા, તા. રાજુલા) એ પોતાની રિક્ષા બેફિકરાઈથી ચલાવી અચાનક બ્રેક મારી દીધી હતી. પરિણામે પાછળ આવતી એસ.ટી. બસ રિક્ષા સાથે અથડાતા રિક્ષા રોડની નીચે ઉતરી ગઈ હતી અને તેમાં બેઠેલા મુસાફરોને શરીરે ઈજાઓ પહોંચી હતી.

જિલ્લાના ધારી, બાબરા અને નાગેશ્રીમાં નશાની હાલતમાં ઈસમો ઝડપાયા

પોલીસે તમામ સામે ગૂનો નોંધી ધોરણસરની કાર્યવાહી કરી

અમરેલી,તા.૧૫

અમરેલી જિલ્લાના ધારી, બાબરા, નાગેશ્રી અને સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશન વિસ્તારોમાં પોલીસે હાથબધેલી પ્રોહીબિશન ડ્રાઈવ દરમિયાન જાહેરમાં દારૂ પીધેલી હાલતમાં ફરતા અનેક શખ્સોને ઝડપી પાડ્યા છે. પોલીસ સ્ટેશન વિસ્તારમાં કરવામાં આવેલા સઘન ચેકિંગ દરમિયાન નાગેશ્રીની ટીંબી ચેક પોસ્ટ પરથી તેમજ બાબરા અને ધારી પંથકમાંથી વગર પાસ-પેરમિટ અને ગેરકાયદેસર રીતે કેફી પદાર્થ કે દારૂનું સેવન કરી નશાની હાલતમાં જાહેરમાં ઝડપાયેલા ઈસમો સામે પ્રોહીબિશન એક્ટનીકલમો હેઠળ ગુના દાખલ કરવામાં આવ્યા છે. પોલીસે તમામ આરોપીઓ સામે કાયદેસરની કડક કાર્યવાહી હાથ ધરી છે.

જિલ્લામાં દેશી દારૂ સામે પોલીસની લાલ આંખ: વિવિધ વિસ્તારોમાંથી ૨૪ શખ્સો ઝડપાયા

પોલીસે તમામ સામે પ્રોહિબિશન હેઠળ ગૂનો નોંધી તપાસ હાથ ધરી

અમરેલી,તા.૧૫

અમરેલી જિલ્લાના વંડા, જાફરાબાદ, પીપાવાવ મરીન, ખાંભા, ધારી, અમરેલી સિટી, બાબરા, અમરેલી રૂરલ, ડુંગર, વડીયા, નાગેશ્રી, લાઠી અને ચલાલા પોલીસ સ્ટેશન વિસ્તારોમાં પોલીસે પ્રોહીબિશન અંગે સઘન ડ્રાઈવ યોજી હતી. આ દરમિયાન ગેરકાયદેસર રીતે દેશી દારૂનું વેચાણ અને સંગ્રહ કરતા ઈસમો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. પોલીસ તપાસ દરમિયાન વિવિધ ગામો અને શહેરોમાંથી દેશી દારૂના જથ્થા સાથે અનેક આરોપીઓ પકડાયા છે. અમરેલી સિટી, રૂરલ, ધારી, બાબરા અને અન્ય પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં રેડ દરમિયાન દેશી દારૂ, કેન તેમજ મુદ્દામાલ કબજે કરાયો છે. કેટલાક સ્થળો પર આરોપીઓ રેડ દરમિયાન હાજર મળી આવ્યા ન હતા, જેથી તેમની સામે ગુના નોંધીને કાયદેસરની શોધખોળ અને આગળની તપાસ હાથ ધરવામાં આવી છે.

વડિયાના અમરાપુર ગામે 'તમે જે મકાન લીધું છે તે અમારે લેવાનું છે' કહી જાનથી મારવાની ધમકી આપી

સાત શખ્સો સામે પોલીસ ફરિયાદ નોંધાઈ

વડિયા,તા.૧૫

વડિયાના અમરાપુર ગામે 'તમે જે મકાન લીધું છે તે અમારે લેવાનું છે' તેમ કહી જાનથી મારવાની ધમકી આપી હોવાનો બનાવ સામે આવ્યો છે. આ બનાવ અંગે પ્રકાશભાઈ વલ્લુભાઈ વાળા (ઉ.વ.૪૩)એ યુવરાજભાઈ પ્રતાપભાઈ વાળા, હરસુરભાઈ બાધાભાઈ વાળા, સિધ્ધરાજભાઈ શેલારભાઈ વાળા, શેલારભાઈ ઓપાભાઈ વાળા, પ્રતાપભાઈ ઓપાભાઈ વાળા, જયદીપભાઈ માત્રાભાઈ વાળા તથા પ્રકાશભાઈ માત્રાભાઈ વાળા સામે ફરિયાદ નોંધાવી છે.પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, ફરિયાદીએ આજથી ત્રણ વર્ષ પહેલાં ગામના રાજુભાઈ પટોળિયા પાસેથી બે લાખ રૂપિયામાં મકાન લીધું હતું, જે મકાન શેલારભાઈ વાળાને એક લાખમાં લેવું હતું. આ બાબતનું મનદુ:ખ રાખી, જ્યારે ફરિયાદીના પિતા બજારમાં બેઠા હતા ત્યારે સિધ્ધરાજભાઈ શેલારભાઈ વાળાએ તેમને જોઈને કહ્યું હતું કે, 'તમે જે મકાન લીધું છે તે અમારે લેવાનું છે.'ત્યારબાદ આરોપીઓએ એકસંપ થઈ તેમના મકાનમાં ગેરકાયદેસર પ્રવેશ કર્યો હતો અને લાકડી વડે મકાનના રૂમની કાચની બારી તોડી નાખી હતી. તેમજ ફરિયાદીના પિતાને છાતીના ભાગે માર માર્યો હતો. ઉપરાંત, તેમના બા તેમજ પત્નીને પણ લાકડી વડે માર મારતા અને બારીના કાચ પર લાકડી વાગતા ઈજાઓ થઈ હતી. આરોપીઓએ જેમ ફાવે તેમ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. આ અંગે વડિયા પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. બી. પી. ધાંધલા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

ગોંડલ માર્કેટ યાર્ડમાં લાભપાંચમથી જણસીની આવકો શરૂ: હરાજીમાં ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળ્યા

ગોંડલ,તા.૧૫



સૌરાષ્ટ્રના અગ્રણી અને ગુજરાતમાં નંબર વન ગણાતા ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં દિવાળીનું સાત દિવસનું વેકેશન પૂરું થતા લાભપાંચમથી વિવિધ જણસીઓની આવક અને હરાજીનો પુનઃ પ્રારંભ થયો છે. લાભપાંચમના રોજ માર્કેટિંગ યાર્ડના ચેરમેન અલ્પેશભાઈ ઢોલરીયા સહિતના હોદેદારો અને વેપારીઓ દ્વારા વિધિવત પૂજા-અર્ચના કરી મુહૂર્તના સોદા પાડવામાં આવ્યા હતા. લાભપાંચમના રોજ યાર્ડ ખુલતાની સાથે જ ખેડૂતો, વેપારીઓ, મજૂરો અને વાહનોની ચહલપહલથી સમગ્ર યાર્ડ ધમધમતું થયું હતું. પ્રથમ દિવસે જ વિવિધ જણસીઓની આવક જોવા મળી હતી, જેમાં મગફળીની અંદાજે ૧ લાખ ગુણી, ડુંગળીની અંદાજે ૨૫ હજાર કટ્ટા, મરચાની અંદાજે ૨૦ હજાર ભારી, લસણની અંદાજે ૧૦ હજાર કટ્ટાની આવક થઈ હતી. પૂજા-અર્ચના બાદ શરૂ થયેલી હરાજીમાં ખેડૂતોને પોતાની જણસીના સારા એવા ભાવ મળતા ધરતીપુત્રોમાં ખુશીની લહેર જોવા મળી હતી. હરાજીમાં મગફળીના પ્રતિ ૨૦ કિલોના ભાવ ૧,૫૦૦થી ૧,૮૦૦, ડુંગળીના ૫૦૦ થી ૧,૧૦૦, મરચાના ૪,૦૦૦ થી ૬,૫૦૦ સુધીના મળ્યા હતા.

લીંબડી-અમદાવાદ હાઈવે પર દ્વારકા જતા પદયાત્રીઓના સંઘને ટ્રકે ટક્કર મારતા એકનું કરૂણ મોત, ૭ ગંભીર

અમદાવાદ, તા. ૧૫

સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી-અમદાવાદ હાઈવે પર કાનપરા ગામ નજીક એક ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. દ્વારકાધીશના દર્શન માટે પગપાળા જઈ રહેલા ૬૫ થી વધુ શ્રધ્ધાળુઓના સંઘને પાછળથી પૂરઝડપે આવેલા એક ટ્રકે અડફેટે લેતાં એક પદયાત્રીનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું છે, જ્યારે અન્ય સાત લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે.


તસવીર : પ્રતિકાત્મક

અચાનક બનેલી આ દુર્ઘટનાને પગલે હાઈવે પર અફરાતફરી મચી ગઈ હતી અને અનેક શ્રધ્ધાળુઓ રસ્તા પર પટકાયા હતા. અકસ્માત સર્જ્યા બાદ ટ્રકચાલક વાહન લઈને સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. ઘટનાને પગલે સ્થાનિક લોકો અને વાહનચાલકો તાત્કાલિક મદદે દોડી આવ્યા હતા અને તમામ ઈજાગ્રસ્તોને સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડ્યા હતા.

ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો સ્થળ પર પહોંચી ગયો હતો. પોલીસે મૃતકના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી ફરાર ટ્રકચાલકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે. આ ઘટનાથી હાઈવે પર પદયાત્રીઓની સુરક્ષા અંગે ફરી ગંભીર સવાલો ઊભા થયા છે.

અમદાવાદના સરખેજમાં એમડી ડ્રગ્સની ગુપ્ત ફેક્ટરી ઝડપાઈ, ભોંયરામાંથી કરોડોનો કાચો માલ કરાયો જપ્ત

અમદાવાદ, તા. ૧૫

અમદાવાદના સરખેજ વિસ્તારમાં રહેણાંક મકાનના ભોંયરામાં ચાલતી એમડી ડ્રગ્સ બનાવવાની ગુપ્ત લેબોરેટરીનો નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો (એનસીબી) એ પર્દાફાશ કર્યો છે. ચોક્કસ બાતમીના આધારે મોહમ્મદી પાર્ક નજીક આવેલા આ મકાનમાં દરોડો પાડવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન ભોંયરામાંથી મેફેડ્રોન (એમડી) ડ્રગ્સ બનાવવા માટે વપરાતો કરોડો રૂપિયાની કિંમતનો કાચો માલ, કેમિકલ્સ અને સાધનોનો મોટો જથ્થો મળી આવ્યો હતો.



આ મામલે એનસીબીએ મકાન માલિકની અટકાયત કરીને સઘન પૂછપરછ શરૂ કરી છે. પ્રાથમિક તપાસમાં આરોપી એક કોફી શોપ પણ ચલાવતો હોવાનું સામે આવ્યું છે, જેથી ડ્રગ્સના નેટવર્ક સાથે તેના જોડાણ અંગે ત્યાં પણ તપાસ હાથ ધરાઈ છે.

હાલ એજન્સી દ્વારા આ લેબોરેટરી કેટલા સમયથી કાર્યરત હતી, કાચો માલ ક્યાંથી લવાતો હતો અને તૈયાર જથ્થો ક્યાં સપ્લાય થતો હતો, તે દિશામાં વધુ તપાસ ચાલી રહી છે.

હું કોંગ્રેસમાં જ રહીશ, પુરાવા હોય તો જાહેર જીવન છોડી દઈશ: બળદેવજી ઠાકોર



અમદાવાદ, તા. ૧૫

પૂર્વ ધારાસભ્ય બળદેવજી ઠાકોરે વડાપ્રધાનને મળ્યા હોવાના અહેવાલોને પાયાવિહોણા ગણાવ્યા છે. તેમણે સ્પષ્ટ કર્યું કે તેઓ થોળ તળાવના લોકપ્રશ્ને મંત્રી અર્જુન મોઢવાડિયાને મળ્યા હતા, જેને રાજકીય રંગ આપવો યોગ્ય નથી. જો કોઈ પુરાવા રજૂ કરે તો પોતે જાહેર જીવન છોડી દેશે તેમ કહી, તેઓ કોંગ્રેસમાં જ રહી પક્ષને મજબૂત કરશે તેવું જણાવ્યું હતું.

જેતપુરમાં સગા ભત્રીજા સાથેના અનૈતિક સંબંધોના ખારમાં કઈની કરાઈ ઘાતકી હત્યા

રાજકોટ, તા. ૧૫

જેતપુરના નવાગઢ રેલવે સ્ટેશન રોડ પર ગત ૧૧ નવેમ્બરે મળી આવેલા અજાણી મહિલાના મૃતદેહનો ભેદ પોલીસે ઉકેલી નાખ્યો છે. ફોરેન્સિક પોસ્ટમોર્ટમમાં ગળું દબાવી હત્યા થયાનું ખુલતાં પોલીસે ૯૦ સીસીટીવી ફૂટેજ અને ટેકનિકલ તપાસના આધારે મૃતકની ઓળખ હકુબેન પરમાર તરીકે



કરી હતી. તપાસમાં સામે આવ્યું છે કે, હકુબેનને સગા ભત્રીજા રવિ સાથે અનૈતિક સંબંધો હોવાથી પરિવારમાં ઝઘડા થતા હતા. આ અદાવતમાં બે સગી ભત્રીજીઓ રાધાબેન શેખ અને મધુબેન બાવાજી, મધુબેનના પતિ લક્ષ્મણ બાવાજી તથા ભુપત વાઘેલાએ કાવતરું રચ્યું હતું. આરોપીઓ હકુબેનને જૂનાગઢથી જેતપુર લાવી સોડામાં ઝેરી દવા પીવડાવ્યા બાદ ચૂંદડીથી ગળે ટૂંપો આપી ફરાર થઈ ગયા હતા. જેતપુર સીટી પોલીસે ચારેય આરોપીઓની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

લગ્નનું ખોટું વચન આપી શારીરિક સંબંધ બાંધવો ગુનો : ગુજરાત હાઈકોર્ટ

અમદાવાદ, તા. ૧૫

લગ્નનું વચન આપીને યુવતી સાથે શારીરિક સંબંધ બાંધ્યા બાદ કોઈ વ્યાજબી કારણ વિના લગ્નનો ઈનકાર કરવો એ ભારતીય ન્યાય સંહિતા (BNS) ની કલમ ૬૯ હેઠળ શિક્ષાપાત્ર ગુનો બની શકે છે, તેવું મહત્ત્વનું અવલોકન ગુજરાત હાઈકોર્ટે કર્યું છે. જસ્ટિસ એમ. કે. ઠક્કરે આરોપી યુવકની એફઆઈઆર રદ કરવાની અરજી ફગાવી દીધી હતી. યુવકે સંબંધો સહમતિથી હોવાની દલીલ કરી હતી, જેને કોર્ટે નકારી હતી.

કોર્ટે સ્પષ્ટ કર્યું કે સહમતિ અને છેતરપિંડીથી બંધાયેલા સંબંધો વચ્ચે તફાવત છે. ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૨૪માં સગાઈ નક્કી થયા બાદ યુવક યુવતીને ઉદયપુર લઈ ગયો હતો, જ્યાં લગ્નના વચન હેઠળ સંબંધ બાંધ્યા હતા. ત્યારબાદ રૂ.૧૫ લાખની માગણી સ્વીકારાઈ હોવા છતાં યુવક અને તેના પરિવારે લગ્નનો ઈનકાર કરતાં અમદાવાદ મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી.

વિસનગરમાં ચંદનનાં ૧૪ વૃક્ષો કાપીને ચોરી કરી તસ્કરો રાતોરાત ફરાર થતાં ચકચાર

મહેસાણા, તા. ૧૫

મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકામાં કિંમતી ચંદનનાં વૃક્ષોની ચોરી થવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. બાસણા ગામ નજીક ગઢા રોડ પર આવેલા એક ખેતરમાંથી અજાણ્યા તસ્કરો રાતોરાત કુલ ૧૪ ચંદનનાં વૃક્ષો કાપીને ચોરી કરી ફરાર થઈ ગયા હતા. આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે.



સવારે ખેતરમાંથી ચંદનનાં વૃક્ષો કપાયેલી હાલતમાં અને ગાયબ હોવાનું ધ્યાનમાં આવતાં ખેતર માલિક ચોંકી ઉઠ્યા હતા અને તાત્કાલિક પોલીસને જાણ કરી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં લઈ પોલીસે સ્થળ પર પહોંચી પંચનામું કરી અજાણ્યા તસ્કરો વિરુધ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. ચંદન જેવા કિંમતી વૃક્ષોની ચોરીની આ ઘટનાથી આસપાસના ખેડૂતો અને સ્થાનિક રહેવાસીઓમાં ભારે ચિંતાની લાગણી ફેલાઈ છે. પોલીસ હાલ તસ્કરોનું પગેરું મેળવવા અને ચોરાયેલો મુદ્દામાલ ક્યાં લઈ જવાયો છે, તે દિશામાં સઘન તપાસ ચલાવી રહી છે.

વડોદરામાં ઝડપાયેલા રૂ.૮૪ લાખના દારૂકાંડમાં બાપોદના પીઆઈ અને પીએસઆઈને કરાયા સસ્પેન્ડ

વડોદરા, તા. ૧૫

વડોદરાના બાપોદ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ઝડપાયેલા રૂ.૮૪ લાખના બહુચર્ચિત દારૂકાંડમાં પોલીસ વિભાગે કડક કાર્યવાહી કરી છે. તપાસ અહેવાલના આધારે બાપોદ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર (PI) કે.ડી. લાડુમોર અને પોલીસ સબ ઈન્સ્પેક્ટર (PSI) આર.એન. પ્રસાદને ફરજ પરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.



આ મામલો આશરે ત્રણ મહિના જૂનો છે, જ્યારે સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) દ્વારા દરોડો પાડીને રૂ.૮૪ લાખની કિંમતનો વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો હતો. તપાસમાં આ જથ્થો કુખ્યાત બુટલેગર નીલુ સિંધીએ મંગાવ્યો હોવાનું ખૂલ્યું હતું. આટલી મોટી માત્રામાં દારૂ ઝડપાતા સ્થાનિક પોલીસની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા થયા હતા. ઉચ્ચ અધિકારીઓની તપાસ બાદ બંને અધિકારીઓ સામે સસ્પેન્શનનું પગલું લેવાતાં વડોદરા પોલીસ બેડામાં ખળભળાટ મચી ગયો છે.

રાજકોટમાં બજાર ખૂલતાની સાથે જ સિંગતેલના ભાવમાં ભડકો : ડબ્બો રૂ.૩,૧૫૦ને પાર

રાજકોટ, તા. ૧૫

રાજકોટ તેલ બજારમાં ખૂલતી બજારે જ સિંગતેલના ભાવમાં ડબ્બે રૂ.૨૦ થી રૂ.૩૦નો સીધો વધારો ઝીંકવામાં આવ્યો છે. આ તોતિંગ ભાવવધારાને પગલે સારી ગુણવત્તાવાળા સિંગતેલના ૧૫ કિલોના ડબ્બાનો ભાવ રૂ.૩,૧૫૦ ની ઐતિહાસિક સપાટી વટાવી ગયો છે. દિવાળીના તહેવારો બાદ બજારમાં સતત તેજીનો માહોલ જોવા મળી રહ્યો છે, જેના કારણે સામાન્ય અને મધ્યમ વર્ગના ગ્રાહકોમાં ભારે ચિંતાનું મોજું ફરી વળ્યું છે.



અગાઉ શાકભાજી, કઠોળ અને મસાલાના ભાવ વધ્યા બાદ હવે રસોડાની મુખ્ય જરૂરિયાત એવા સિંગતેલના ભાવ આસમાને પહોંચતા ગૃહિણીઓનું માસિક બજેટ સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. બજારના જાણકારો અને વેપારીઓના મતે, મગફળીના ઉત્પાદનમાં થયેલા ઘટાડાને કારણે બજારમાં સિંગતેલના પુરવઠા પર સીધી અસર પડી છે. બીજી તરફ, ઓછા પુરવઠા સામે બજારમાં સિંગતેલની માંગ યથાવત રહેતા તેલ મિલો અને બજારમાં ભાવ સતત ઊંચકાઈ રહ્યા છે. વેપારીઓએ એવી પણ આગાહી કરી છે કે આગામી દિવસોમાં પણ ભાવમાં વધુ વધારો થવાની પૂરેપૂરી શક્યતા છે અને સમગ્ર વર્ષ દરમિયાન સિંગતેલના ભાવમાં કોઈ મોટો ઘટાડો જોવા નહીં મળે.





